વર્ષ : ૪૬ ❖ અંક : ૦૩
માર્ચ-૨૦૨૨

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ



## ૨૪ તીર્થંકર ભગવાન

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

## શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા (કોબા, તા. ૧૧-૦૨-૨૦૨૨)



## સંસ્થામાં પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સમતાસાગરજી મહારાજની આહારવિધિ



# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ............... શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫
(૨) સહજ વાણી .............. પૂજ્યશ્રી આત્માનંદજી... ૬
(૩) શ્રી અમિતગતિ સામાયિક ......... પૂજ્ય બહેનશ્રી ...... ૯
(૪) સમ્યક્ તપ ................... બા.બ્ર. સુરેશજી.....૧૧
(૫) મુમુક્ષુ કોણ ? .......... સમણ શ્રુતપ્રજ્ઞજી .. ૧૩
(૬) સાધનાની ઈચ્છા અને ....પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ..૧૫
(૭) શ્રી પૂજ્યપાદ આચાર્ય ...... પ્રા.ચંદાબહેન પંચાલી..૧૭
(૮) બાળવિભાગ ...... શ્રી મિતેશભાઈ શાહ..... ૨૦
(૯) શ્રી દેવચંદ્રજી ચોવીશી ........ શ્રી અશોકભાઈ શાહ ... ૨૫
(૧૦) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૯
(૧૧) આત્મજાગૃતિનો અભ્યાસ ..... શ્રી રમેશભાઈ ખંધાર ... ૩૨
(૧૨) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૬



**વર્ષ : ૪૬ માર્ચ-૨૦૨૨ અંક-૦૩**

**-: પ્રેરક :-**
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**
**શ્રી મિતેશ એ. શાહ**
(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

**-: સ્વત્વાધિકારી :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન:૯૪૨૮૬૬૨૩૮૬
(કાર્યાલય/એકાઉન્ટ્સ)
૯૪૨૮૬૬૨૩૭૬
(રિસેપ્શન/આવાસ)

**-: લવાજમ શ્રેણી :-**
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**
**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**
**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**
mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA
**NAME of BANK :** STATE BANK OF INDIA
**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001
**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691
**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**
**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઈલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

એમ કહેવાય છે કે, "મતિ તેવી ગતિ." આપે પણ કહ્યું છે કે ઘણું કરીને આખા જીવનમાં જે કંઇ કર્યું હોય છે તેની સ્મૃતિ અંતકાળે જીવને રહે છે અને તે પ્રમાણે આવતા ભવમાં તેનું અનુસંધાન રહે છે. અમે પણ આ જીવનમાં ઘણું કરીને સદ્ગુરુદેવની આજ્ઞાથી પ્રાતઃકાળ અને સાયંકાળની આજ્ઞાભક્તિ, સ્વાધ્યાય, વચનામૃતજીનું વાંચન વગેરે કરીએ છીએ પરંતુ આ બધું કરતાં છતાં સંસારના પ્રસંગોમાં વિપરીતતા આવે ત્યારે મનમાં અશાંતિ, અકળામણ, ગભરાટ વગેરે થઇ આવે છે. કોઇ કોઇ વાર નિમિત્તનો જ્યારે દોષ દેખાય છે ત્યારે આપનું વચન યાદ આવે છે, "કોઇનો દોષ નથી, અમે કર્મ બાંધ્યા માટે અમારા દોષ છે" ત્યારે મન થોડું શાંત થાય છે. પરંતુ અમુક પ્રસંગમાં તો ટકવું ખૂબજ મુશ્કેલ થઇ જાય છે, ત્યારે શું કરવું ? કષાયનો આવેગ હોય છે ત્યારે એને કાબૂમાં રાખવાનું બની શકતું નથી અને તે વખતે જો આવતા ભવના આયુષ્યનો બંધ પડે તો અમારું શું થાય ? સંત પુનિતની જેમ કહેવાનું મન થાય છે કે,

"કૃપાળુ અમારા હૈયામાં રહેજો,
ભૂલીએ ત્યાં તમે ટોકતા રહેજો,
સોંપી મેં તો તારા ચરણમાં થાવાની હોય તે થાય."

"ખાલી હાથે જવું પડે તો જાશે તમારી લાજજી,
નાવડી મારી સોંપી તમને, ઉતારો ભવપારજી.
શાંતમૂર્તિ શ્રી રાજજી, સમતામૂર્તિ શ્રી રાજજી,
રાખજો મારી લાજ આજ હે સાધુચરિત શ્રી રાજજી.
રાહ બતાવો ભવઅટવિમાં, દિવ્યજ્યોતિ શ્રી રાજજી,
ભવથી પાર ઉતારો પ્રભુજી, પકડી મારો હાથજી.
કૃતકૃત્ય શ્રી રાજજી, હૃદયેશ્વર શ્રી રાજજી,
રાખજો મારી લાજ આજ હે, વિરલવિભૂતિ રાજજી."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક-૮૪૩

વસો પ્રથમ આસો સુદ ૬, બુધવાર, ૧૯૫૪

**શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્‌ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.**



તે શ્રીમત્ અનંત ચતુષ્ટયસ્થિત ભગવતનો અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્તવ્ય છે. જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવાં અદ્‌ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્ત્તવ્ય નથી.

ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી. દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્ત્તવ્ય છે.

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ ? એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્‌ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે. નિર્વિકલ્પ.

### પત્રાંક-૮૬૬

શ્રી વવાણિયા, ચૈત્ર સુદ ૫, ૧૯૫૫

ૐ

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે. જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્‌દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે. સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમવીતરાગ-દૃષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.

કોઈ મહત્પુરુષના મનનને અર્થે [1]પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે.

હે આર્ય ! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

### પત્રાંક-૩૦૧

વવાણિયા, કાર્તિક સુદ ૮, સોમ, ૧૯૪૮

સ્મરણીય મૂર્તિ શ્રી સુભાગ્ય,


જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં. વિ. રાયચંદના ય૦

> ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.- **પત્રાંક ૯૩૬**

- ૧. જુઓ આંક ૭૬૬

# સહજ વાણી

## પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**(૧) દયા :** દયા ધર્મનું મૂળ છે. પણ શંકા થાય કે દયાથી ધર્મ થાય ? આમાં શંકા ન રાખવી. કોઇને મારવાથી ધર્મ થાય તેમ તો બને જ નહિ. પાપ ને પુણ્યનો આધાર પોતાના હેતુ ઉપર છે. મંદિર બનાવે તેમાં જીવોની હિંસા થાય, પરંતુ ગૃહસ્થને બીજી અનેક પ્રકારની હિંસા કરવી પડે છે, જ્યારે આ તો પુણ્યનું કામ છે. મંદિર કે ધર્મના આયતનના નિર્માણમાં થયેલી થોડી હિંસા પછી તે સ્થળે અનેક જીવો દીર્ઘકાળ સુધી સાધના કરી અખૂટ પુણ્ય બાંધશે.

**(૨) સુખની શોધ :** પુરુષ એટલે આત્મા. જે આત્મા સંસારને તરી જાય તે ભગવાન. જેને પૂર્ણ આનંદ અને જ્ઞાન પ્રાપ્ત થાય તે ભગવાન. અંદરથી આત્માનો આનંદ ઝરતો નથી તેથી જીવ બહારની વસ્તુઓમાં સુખ શોધવા પ્રયત્ન કરે છે, પણ સુખ તો અંતરમાં શોધવાનું છે.

**(૩) પ્રભુસ્પર્શ :** ભગવાનને ભજવામાં વેઠ ન ઉતારાય. તારા મનવચનકાયાના યોગ રૂપ Three-pin plug નો Socket માં contact થાય તો આત્માના આનંદરૂપ light થાય.

**(૪) ધીરજ :** દુનિયામાં મોટર કે હવાઇમાર્ગે સફર કરવાથી જલદી કામ પતે છે, તેમ મોક્ષ મેળવવામાં ટૂંકો રસ્તો- Short cut હોતો નથી. પ્રભુ મહાવીરે પણ ૪૫૧૫ દિવસ સુધી ઘોર તપ કરીને અનેક દુ:ખો સમભાવથી સહન કરી આત્મસાધના કરી હતી. હા, ઉગ્ર પુરુષાર્થ કરે તો ત્વરાથી મોક્ષ થાય, પણ ધીરજ અને સહનશીલતા તો જોઇએ જ.

**(૫) સમતા :** આત્માનો સ્વભાવ સમતા છે. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ એ આત્માનો સ્વભાવ છે. એક શાંતપણું પ્રાપ્ત કરવું તે સમગ્ર દ્વાદશાંગીનો સાર છે. કંઇક કરું - કર્તૃત્વભાવ તે અજ્ઞાન છે અને ભોક્તૃત્વભાવ તો મહા અજ્ઞાન છે.

**(૬) અલૌકિક ન્યાય :** વીતરાગ ધર્મમાં કોઇને પણ પાપભાવ કરવાનું લાઇસન્સ નથી. શ્રી તીર્થંકર પણ તીર્થંકર થયા પહેલાં પાપ કરે તો બંધન છે. તેમને પણ લાઇસન્સ નથી. કર્મ ભોગવવાનાં થાય (કર્મનો ઉદય આવે) તેમાં ઇન્દ્ર, અહમિન્દ્ર કે જિનેન્દ્ર પણ કોઇ ફેરફાર કરી શકે નહિ. આવો વીતરાગ ધર્મનો અદ્વિતીય ન્યાય છે.

**(૭) સાચી ભાવના :** હરિની ઇચ્છા જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહિ ને બાંધવાના કામીને છોડવો નહિ. (શ્રીમદ્ રાજચંદ્ર)

**(૮) આત્મવંચના :** અત્યારે આપણા જીવનમાં પ્રભુ માટે જગ્યા જ નથી. ૫૦ ટકા સ્ત્રી, ૨૫ ટકા છોકરાં, ૨૪ ટકા ધંધો-વહેવાર અને ૧ ટકો લોકલાજમાં થઇ ૧૦૦ ટકા થઇ જાય છે. પ્રાર્થનામાં પણ આપણે ભગવાનને ફોસલાવીએ છીએ! ભગવાન સાથે સંસારનો સોદો કરે છે! આમાં પોતાનું જ અકલ્યાણ છે.

**(૯) ગૃહસ્થધર્મ :** ભગવાનની ભક્તિ અને દાન એ ગૃહસ્થધર્મના મુખ્ય અંગ છે. પુત્રીનાં લગ્ન કે સાંસારિક કાર્યોમાં ધન છૂટથી વાપરે છે. ધર્મના કામમાં ધન આપવામાં સંકોચ કરે છે. પોતાની આવકના ૨૫ ટકા ઉત્તમ શ્રાવક દાન કરે છે, મધ્યમ શ્રાવક ૧૦ ટકા અને જઘન્ય શ્રાવક ૬ ટકા સુપાત્રે દાન કરે છે. બીજા શું આપે છે તે ન જોતાં પોતાની શક્તિ અને ભાવ મુજબ દાન કરવું જોઇએ. જ્યાં વિવેકપૂર્વકની દાનપ્રવૃત્તિ નથી ત્યાં ગૃહસ્થધર્મનું યથાયોગ્ય પાલન પણ નથી જ.

**(૧૦) શાંત થઈ વિચારો :**

રામ નામકો આલસી, ભોજનમેં હુશિયાર;
તુલસી ઐસે મનુજકો, બાર બાર ધિક્કાર.

દુનિયાનાં કામોમાં આપણે એટલા બધા ખૂંચેલા છીએ કે આપણને શેનાથી સુખ મળશે તે શાંતિથી વિચારવાનો સમય જ મળતો નથી. પરંતુ તું કાળના ઝપાટામાં ક્યારે આવી જઈશ તેની તને ખબર છે ? માટે આજથી જ સાચા સુખની શોધ માટે પુરુષાર્થ કર.

**(૧૧) ભક્તિમાર્ગ :** ભક્તિ દ્વારા મોક્ષમાર્ગમાં આગળ વધવું તે આ યુગમાં શ્રેષ્ઠ ઉપાય છે. જ્ઞાનમાર્ગ અને યોગમાર્ગ કઠિન છે. સાચા ગુરુદેવનો યોગ મળવો પરમ દુર્લભ છે. તેથી ભક્તિ દ્વારા મોક્ષમાર્ગમાં આગળ વધવું વધુ સરળ છે. ભગવાનની ભક્તિથી સાંસારિક સુખ પણ મળે અને સાચી દૃષ્ટિ રાખે તો આધ્યાત્મિક સુખ પણ મળે.

**(૧૨) ગૃહસ્થનો ન્યાયયુક્ત વૈભવ :** પૂર્વપુણ્યના યોગથી આપણને સાંસારિક સુખનાં સાધનો મળ્યાં છે, પરંતુ તે અયોગ્યપણે ભોગવવાની સદ્‌ગુરુ જ્યારે ના પાડે છે, ત્યારે આપણને ગમતું નથી પરંતુ વીતરાગ ભગવાને તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષને અવિરુદ્ધપણે સાધવા જણાવ્યું છે. નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લેવા તને ના પાડતા નથી. તારો આત્મા મિથ્યાત્વ અને વ્યસનો જેવાં તીવ્ર પાપકર્મો બાંધી વર્તમાનમાં આકુળવ્યાકુળ થઈ ભવિષ્યમાં દુર્ગતિમાં જાય, તેથી તને તેવાં મોટા પાપકર્મોથી બચવાનો ઉપદેશ આપે છે.

**(૧૩) સાચી દૃષ્ટિ :** આપણે પરદ્રવ્યની વ્યવસ્થા ખૂબ કરીએ છીએ પણ હવે સ્વદ્રવ્ય તરફ દૃષ્ટિ કરતાં શીખવાનું છે. પાપાનુબંધી પુણ્યથી પૈસો આવે તો તારો વિનાશ થઈ જશે. તને મળેલ પૈસો અંતે તને દુઃખદાયી થશે. વ્યવહારમાં થોડું ખોટું કરવું પડે તો પણ તને પસ્તાવો હોવો જોઈએ.

**(૧૪) નમસ્કાર મંત્ર :** આ જગતમાં મંત્ર ઘણા છે, પરંતુ નવકારમંત્ર અનાદિથી સિદ્ધ છે. તું જેમ બજારમાં સ્ટાન્ડર્ડ માલ પસંદ કરે છે તેમ મંત્રની પસંદગીમાં જૂનામાં જૂનો શ્રેષ્ઠ મંત્ર નવકાર છે. આ મંત્રથી તીર્થંકરોનું પણ કલ્યાણ થયું છે. મહાવીર સ્વામી નવકારમંત્રના અજપાજાપથી શુદ્ધોપયોગથી-યુક્ત થઈ શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવી વીતરાગ મહાવીર થયા.

**(૧૫) પારકી પંચાત :** મનુષ્યને ગામની પટલાઈ કરવાની ટેવ પડી ગઈ છે. તે હવે છોડી દે. તું હવે અર્થ ને કામ પુરુષાર્થ મોળો કરી દે. ૫ ટકા કામ, ૧૦ ટકા અર્થ પુરુષાર્થ કરી ૮૫ ટકા ધર્મ અને મોક્ષ પુરુષાર્થ કરે તો તું ઉત્તમ મુમુક્ષુ કે જ્ઞાની થઈ શકે.

**(૧૬) કષાય-નિગ્રહ :** જેને કર્મબંધન ઓછું કરવું હોય તેણે ઓછામાં ઓછા રાગદ્વેષથી પોતાનો જીવનવ્યવહાર નિભાવવો. ક્રોધ, માન, માયા, લોભ આત્માને સંસારમાં રખડાવે છે તેથી કષાય છે. કારણ કે તેથી આત્મામાં (કષ+આય) સંસારની આવક થાય છે.

**(૧૭) જ્ઞાનીનું સુખ :** જગતના જીવોને જ્ઞાની તથા મુનિના આનંદની ખબર નથી. જગતના જીવો તેમને દુઃખી માને છે. જગતના જીવોને જ્ઞાનીના આનંદની જાણ નથી, શ્રદ્ધા નથી તો અનુભવ ક્યાંથી હોય ? તેઓ બધી વસ્તુઓના સમ્યક્ ત્યાગથી સુખ પામ્યા તેમ જ્યારે આપણો આત્મા માનશે ત્યારે તેનું કલ્યાણ થશે.

**(૧૮) જ્ઞાનીનું શરણ :** જ્યારે તારા મહાન પુણ્યનો ઉદય હશે ત્યારે તું કહીશ કે હે પ્રભુ! તમે કહ્યું તે જ સત્ય છે. જે દિવસથી સત્પુરુષનું વચન સાંભળ્યું તે જ દિવસથી સત્પુરુષ સાથે કોલકરાર કરવા કે હવે હું તમારી આજ્ઞા મુજબ જ વર્તીશ.

**(૧૯) દાન :** આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરે તે જીવ મોટો છે. ખૂબ કમાઈ ખૂબ દાન દેવું તે સારું નથી, પરંતુ પાપાચાર વિના થોડું કમાઈ થોડું દાન દેવું સારું છે. ગૃહસ્થદશા હોય ત્યાં સુધી કમાવું જરૂરી છે, પરંતુ માત્ર કમાયા જ કરવું તે ખોટું છે. લોભ ઘટાડી, સાદા થઈ, સત્સંગાદિમાં જોડાવું.

**(૨૦) પુણ્ય-પાપ :** જે જીવ જે વસ્તુને અંતરથી પ્રેમ કરતા નથી તે વસ્તુથી તેનો થોડા વખતમાં છુટકારો

થઇ જાય છે. મુમુક્ષુને કર્મ-સિદ્ધાંતમાં દઢ વિશ્વાસ હોવો જોઇએ. જેને જે સમયે જે મળવાનું હોય તેને તે સમયે તે મળવામાં ઇન્દ્ર, જિનેન્દ્ર પણ કાંઇ ફેરફાર કરી શકે નહિ. આવો અફર પુણ્ય-પાપનો નિયમ છે. તેનું શ્રદ્ધાન કરો.

(૨૧) **રૂડા જીવ :** રૂડા જીવ હળુકર્મીહોય. સંસારનો કિનારો નજીક આવ્યો હોય તેને સત્પુરુષનાં વચન સાંભળવાં ગમે છે. ત્યારે ભવાભિનંદી જીવને સત્સંગ કડવો લાગે છે તેમજ સત્પુરુષ બાઘા, ગાંડા, અવ્યવહારુ, વેદિયા લાગે છે.

(૨૨) **સાધના અને આનંદ :** જ્ઞાન અને આનંદનો અવિનાભાવી સંબંધ છે. જ્યાં સાચી સાધનાથી જેટલું જ્ઞાન પ્રગટે ત્યાં તેટલા પ્રમાણમાં આનંદ પ્રગટે જ. સાચા ભક્તને પણ પ્રભુપૂજા કરવાથી પ્રસન્નતા પ્રગટે. 'ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ.' (શ્રીમદ્ આનંદઘનજી મહારાજ). સાધના કરવાથી જીવનનો વિકાસ થાય છે, પરંતુ તે સાધના સમજણપૂર્વકની અને ઉલ્લાસપૂર્વકની હોવી જોઇએ. પ્રારંભિક ભૂમિકામાં ધીરજ રાખી દઢતાપૂર્વક સાધના કરવા તથા સત્સંગ-સદ્ગુરુનું વારંવાર અવલંબન લઇને પ્રેરણા મેળવવી, જેથી કાર્યની સિદ્ધિ ત્વરાથી થાય અને સાધક-જીવન પણ આનંદમય બન્યું રહે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## મુમુક્ષુ કોણ ? ...

પાના નં. ૧૪ પરથી ચાલુ...

પ્રદર્શન ન હોય.

(૪) **અપક્ષપાતપણે પોતાના દોષ જુઓ :** મુમુક્ષુ કોને કહેવાય કે જે અપક્ષપાતપણે પોતાના દોષ જોવામાં પોતાનું કલ્યાણ સમજે છે. આંખો બંધ કરીને પોતાની જાતને તપાસો. મારામાં કયો દોષ છે ? સંસારીની નજર બીજાના દોષો ઉપર હોય છે અને મુમુક્ષુની નજર પોતાના દોષો તરફ હોય છે. એક વાત એ પણ યાદ રાખવી જોઇએ કે 'ગમે તેટલી ધર્મક્રિયા કરો પણ આત્મપરિવર્તન પોતાના દોષ જોવાથી જ થશે.' માત્ર બાહ્ય ધર્મક્રિયા તમારા અંદરના દોષોને કાઢી શકશે નહિ, કેમકે ક્રિયા માત્ર બહાર છે, દોષ ભીતર છે. ભીતરના દોષ કાઢવા માટે ભીતરમાં દોષ છે કે નહિ એ જોવું પડશે. પાંચ વર્ષ શાસ્ત્ર વાંચો અને પાંચ મિનિટ પોતાના દોષો જુઓ તો જે પાંચ વર્ષના શાસ્ત્ર અભ્યાસથી જે નહિ થાય એ પાંચ મિનિટના દોષદર્શનથી થશે.

આમ, મુમુક્ષુતા એટલે મુક્ત થવાની ઇચ્છા અને આ ઇચ્છા એટલે ઇચ્છા માત્રનો અભાવ. હવે મારે કોઇ પણ બંધન જોઇતું નથી, એવો માત્ર ભાવ નહિ પણ ભાવ સાથેની દરેક પ્રવૃત્તિ અને નિર્ણય. નાની નાની ક્રિયાઓમાં પણ આપણે બંધાઇ જતા હોઇએ છીએ. કોઇ પણ પ્રવૃત્તિ આસક્તિ અને અપેક્ષાના ભાવ વિના કરીએ અને ક્યાંય ઋણોના નવા બંધનો ઊભા ન કરીએ એટલી જાગૃતિ કેળવીએ તો પરમ મુક્તિનો સ્વાદ લઇ શકીશું.

## શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ...

પાના નં. ૩૧ પરથી ચાલુ...

આત્માની વિશુદ્ધતા પ્રગટાવે છે અને અંતે શુદ્ધ-બુદ્ધ થાય છે. મેઘ ક્યારે વરસશે એ રાહમાં મયૂરો વાદળો પ્રતિ ઉત્સુકતાથી મીટ માંડે છે, તેમ સમવસરણમાં બેઠેલા જીવો બોધ માટે પ્રભુ પ્રતિ મીટ માંડે છે.

પ્રભુની દિવ્યવાણીને અહીં 'ગંભીર' તરીકે ઓળખાવેલ છે. ગંભીર એટલા માટે કે તેમાં આછકલાપણું કે છીછરાપણું નથી. તેમાં અનુભવનું ઊંડાણ અને રહસ્યો સમાયેલાં છે.

● **ઉત્થાનિકા :** હવે પછીના શ્લોક-૨૪ માં આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરીજી છટ્ઠા પ્રાતિહાર્ય 'આભામંડળ' નું સ્વરૂપ સમજાવે છે.

● **અંતમંગળ :** અંતમાં સર્વ જીવ આત્મભાવમાં રહીને સ્વઆત્મસિંહાસન પર શાશ્વત આરૂઢ થાય એવી મંગલ ભાવના સાથે જિનાજ્ઞાથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત

# શ્રી અમિતગતિ સામાયિક પાઠ

એક અનુચિંતન

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

(શ્લોક - ૩૦)

**स्वयं कृतं कर्म यदात्मना पुरा,**
**फलं तदीयं लभते शुभाशुभम्।**
**परेण दत्तं यदि लभ्यते स्फुटं,**
**स्वयं कृतं कर्म निरर्थकं तदा ॥३०॥**

શબ્દાર્થ :

**आत्मना पुरा** - આપણા દ્વારા પહેલા, **यत्कर्म** - જે કર્મો, **स्वयं कृतम्** - કરવામાં આવ્યા છે, **तदीयं** - તે કર્મનુ, **शुभाशुभम् फलं** - સારું નરસું ફળ, **स्फुटं लभते** - સ્પષ્ટરૂપથી પ્રાપ્ત થાય છે, **यदि वरेणदत्तम्** - જો બીજાના કરેલા કર્મો દ્વારા, **लभ्यते** - શુભ-અશુભનું ફળ આપણને મળે, **तदा** - તો પછી, **स्वयं कृतम् कर्म** - પોતાના દ્વારા કરેલા કર્મો, **निरर्थकम्** - નિરર્થક થઇ જશે.

ગુજરાતી પદ્યાનુવાદ

**કર્મો કર્યા જે આપણે ભૂતકાળમાં જન્મો લઇ,**
**તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ;**
**પરનું કરેલું કર્મ જો પરિણામ આપે મુજને,**
**તો મુજ કરેલા કર્મનો સમજાય નહિ કોઇ અર્થને.**

**ગદ્યાનુવાદ :-** હે ભગવાન ! આ જીવે ભૂતકાળમાં અનંત ભવોમાં જે સારાખોટા કર્મો કર્યા છે તે ઉદયમાં આવતાં તેનું ફળ ભોગવ્યા વિના છૂટકો નથી - એટલે તેનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. જો બીજાના કરેલા કર્મો મને ફળ આપે તો પછી મારા કરેલા કર્મો નિરર્થક થઇ જશે. પરંતુ એવું ક્યારેય થતું નથી.

**વિશેષાર્થ :** આ ગાથામાં આચાર્યશ્રી કર્મના સિદ્ધાંત સમજાવતાં કહે છે કે ભૂતકાળમાં અજ્ઞાનને વશ થઇ રાગદ્વેષ આદિ વિકારીભાવો કરી આપણે આપણા આત્માને મલિન કર્યો હતો તેનું નિમિત્ત પામીને તે ભાવોને અનુરૂપ કર્મના પરમાણુઓ આપણા આત્મા સાથે અનાદિકાળથી ચોંટી ગયા છે. બંધાઇ ગયા છે.

હવે જ્યારે પૂર્વે બાંધેલા કર્મો અબાધાકાળ પૂરો થતાં ઉદયમાં આવે ત્યારે તેને ત્રણ લોકની કોઇ સત્તા રોકી શકતી નથી અને તેનું ફળ આપીને જ ખરે છે. પૂર્વે ઉપાર્જિત કરેલ કર્મો જ્ઞાની અને અજ્ઞાની બન્નેને ઉદયમાં આવે છે. અજ્ઞાની જીવો તે કર્મોથી મળતું સુખદુઃખરૂપી ફળ - તેને પોતાનું માને છે અને તેવું જ વેદન કરે છે. તેથી નવા વિભાવો કરી નવા કર્મો બાંધી સંસારપરિભ્રમણ કરે છે. જ્ઞાની ધર્માત્મા કર્મના ફળને પોતાનું સ્વરૂપ માનતા નથી અને સમતાભાવમાં રહી સુખ-દુઃખ રૂપે પરિણમતા નથી. તેથી જૂના કર્મો ખરી જાય છે અને નવા કર્મો બંધાતા નથી. એ રીતે ક્રમે કરીને કર્મોનો ક્ષય કરીને સંસારસમુદ્રથી તરી જાય છે. અજ્ઞાનીની નિર્જરા- અકામ નિર્જરા છે, જે ફરી નવા બંધનું કારણ બને છે અને જ્ઞાની મહાત્મા સમતાથી, જ્ઞાનપૂર્વક તપાદિથી કર્મોને બાળી નાખે છે. તેની શક્તિ હીન થઇ જાય છે અને માત્ર પ્રદેશ ઉદય થઇ ખરી જાય છે - તેને સકામ નિર્જરા કહીએ છીએ.

હવે આચાર્યશ્રી કર્મનો બીજો સિદ્ધાંત કહે છે કે જેવા ભાવે કર્મ બાંધ્યું હોય તે જીવને તેવા ભાવે અબાધાકાળ પૂરો થતાં સામાન્યપણે ઉદયમાં આવે છે. કર્મ કોઇ જીવ કરે અને બીજાને તેનું બંધન થાય કે ઉદયમાં આવે એવું ક્યારેય બનતું નથી. કર્મસિદ્ધાંતની જે પરમાર્થ-વ્યવસ્થામાં ક્યારેય ભૂલ થતી નથી. જો ભૂલ થતી હોય તો પાપ કોઇ કરે અને તેનું ફળ કોઇ બીજું ભોગવે અથવા કોઇ સત્પુરુષાર્થ કરે અને કોઇનો મોક્ષ થાય. તેવું ક્યારેય બનતું નથી. માટે કહેવાય છે કે

બન્યું તે ન્યાય,
ભોગવે તેની ભૂલ.

**કર્મસિદ્ધાંત સમજાવતી ગાથાઓ:-**

- ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
  જીવવીર્યની ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.

**- આ. સિ. શાસ્ત્ર ગાથા-૮૨**

- ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય.

**- એજન ગાથા-૮૩**

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય

**- એજન ગાથા -૮૪**

- કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમા શો સંદેહ?

**- એજન ગાથા-૧૦૪**

- રામ ઝરૂખે બૈઠકર, સબકા મુજરા લેત,
જૈસી જિનકી ચાકરી, વૈસા ઉનકો દેત.

**- સંત તુલસી દાસજી**

- અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારીને જાશું
સ્વરૂપ સ્વદેશ રે.
ધન્ય રે દિવસ આ અહો.

**- પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર**

- જીવ વર્તતા ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને.

**- શ્રી સમયસાર**

- સુખ દીધાં સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય,
આપ હણે નહીં અવરકુ, અપને હણે ન કોય.

**- બૃહદ્ આલોચના પાઠ**

- **स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते
स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते ॥**

## ઉપસંહાર

આપણે કરેલા શુભાશુભ કર્મોનું ફળ આપણે જ ભોગવવું પડે છે - આ અટળ કર્મ સિદ્ધાંત છે.

- વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભભાવ
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.

**- શ્રી આ. સિ. ગાથા-૯૦**

**તે કર્મોથી મુક્ત થવાનો ઉપાય :-** શ્રી છ પદનો પત્ર (પત્રાંક ૪૯૩ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત) માં પરમકૃપાળુદેવ કર્મથી મુક્ત થવાનો એટલે મોક્ષનો ઉપાય જણાવે છેઃ-

છઠ્ઠું પદ - તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઇ કાળે સંભવે નહિ; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

આપણે સૌ ઉપરોક્ત સત્ સાધનો જીવનમાં ધારણ કરી શીઘ્ર મુક્તિપદ પામીએ એ જ શ્રી પ્રભુ ગુરુને હૃદયથી પ્રાર્થના.

**- શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ**

## સાધનાની ઇચ્છા અને સમયની ખેંચ ...

પાના નં. ૧૬ પરથી ચાલુ...

'પોતાની સાધના અંતકાળ સુધી સતત ચાલુ રાખવી. એકવાર જે રસ્તે નીકળ્યા હો એના પર સતત આગળ પગલાં ભરતા રહેવાં. થોડું ચાલો અને થોડા અટકી જાવ એમ કરનારી વ્યક્તિને ક્યારેય મંઝિલ પ્રાપ્ત થતી નથી.' અને આથી જ સ્વામી વિવેકાનંદે તો સાધનાના સાધનમાં મન-પ્રાણ-અર્પણ-કાર્ય કરવાનો આહલેક પોકાર્યો છે. તો કાશ્મિરી કવયિત્રી લલ્લેશ્વરી તો કહે છે,

'મન માલિક છે અને જિજ્ઞાસા માલિકણ છે. ભાવકુસુમથી એની પૂજા કરવી જોઇએ. શશીરસ (અમૃત) થી એનો અભિષેક કરવો જોઇએ, મૌન થઈને મંત્રજાપ કરીને સ્વાત્મરૂપ શંકર પ્રગટ થશે.'

આનો અર્થ જ એ કે સાધના કરવાની દૃઢ ઈચ્છા રાખનારને ન સમય અટકાવી શકે છે, કે ન સંજોગો અવરોધી શકે છે. માત્ર પરમનો સ્પર્શ પામવાનો તીવ્ર તલસાટ અને દૃઢ નિશ્ચય જરૂરી છે.

●●●

# સમ્યક્ તપ (ક્રમાંક-૧૭)

બા.બ્ર. સુરેશજી

અથવા તે પર્યાયો બીજા પ્રકારથી બે રીતની કહી છે- અર્થપર્યાય (ગુણપર્યાય) અને વ્યંજનપર્યાય. પદાર્થના મૂળ ગુણોના પરિણમનને અર્થપર્યાય કે ગુણપર્યાય કહે છે તથા પદાર્થના આકાર (પ્રદેશત્વ) ના પરિવર્તનને વ્યંજનપર્યાય કહે છે. તેમાં પણ પ્રત્યેકના બે - બે ભેદ છે, એક સ્વભાવરૂપ તથા બીજો વિભાવરૂપ. પોતાના ગુણોનું શુદ્ધરૂપમાં પરિણમન સ્વભાવ અર્થપર્યાય છે તથા અન્ય પદાર્થોના નિમિત્તથી અશુદ્ધરૂપમાં પરિણમન થવું તે વિભાવ અર્થપર્યાય છે. પદાર્થના પ્રદેશોનો જે આકાર ક્યારેય ન બદલે તે આકારરૂપ પદાર્થનું વ્યવસ્થિત થઇ જવું સ્વભાવ વ્યંજનપર્યાય કહેવાય છે તથા પદાર્થના પ્રદેશોના આકાર બદલાતા રહેવા વિભાવ વ્યંજનપર્યાય છે.

પદાર્થ છ છે. અર્થાત્ સંપૂર્ણ અસ્તિત્વ છ પદાર્થોથી નિર્મિત છે - જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. આના પણ પ્રત્યેકના અનંત - અનંત ભેદ-પ્રભેદ છે પરંતુ પોતાની જાતિરૂપ આ છ જ રહે છે. પ્રત્યેક પદાર્થ સામાન્ય-વિશેષાત્મક હોય છે. સામાન્યને ગુણ કહે છે તથા વિશેષને પર્યાય કહે છે. ગુણ પણ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારના હોય છે. જે ગુણ બધા છ એ દ્રવ્યોમાં જોવા મળે છે તેને સામાન્ય ગુણ કહે છે. સામાન્ય ગુણો છઃ છે (૧) પદાર્થની સત્તાને સિદ્ધ કરવારૂપ **અસ્તિત્વ ગુણ,** (૨)પોતાના મૂળભૂત કાર્ય કરવારૂપ **વસ્તુત્વ ગુણ**, (૩)સ્થિર રહીને પર્યાયોમાં બદલાવવારૂપ **દ્રવ્યત્વગુણ**, (૪)જ્ઞાનનું જ્ઞેય થવારૂપ **પ્રમેયત્વ ગુણ**, (૫)પોતાને ઓછું - વધારે ન થવા દેવારૂપ **અગુરુલઘુત્વગુણ**, (૬)પ્રદેશોનો આકાર ગ્રહણ કરવારૂપ **પ્રદેશત્વ ગુણ**. આ છ સામાન્ય ગુણ પ્રત્યેક પદાર્થમાં હોય છે. જે ગુણ તે પદાર્થ વિશેષમાં જ જોવા મળે, અન્યમાં નહીં, તેને વિશેષ ગુણ કહે છે. જેમ કે (૧)જ્ઞાન-દર્શન જીવનો, (૨)સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપ મૂર્તિકપણું પુદ્ગલનો,(૩) સ્થિર રહેવામાં નિમિત્ત બનવું અધર્માસ્તિકાયનો, (૪)ગતિમાં નિમિત્ત બનવું ધર્માસ્તિકાયનો,(૫) બધાને સ્થાન આપવું આકાશનો અને (૬)પરિણમનમાં નિમિત્ત બનવું કાળનો વિશેષ ગુણ છે. આ વિશેષ ગુણોથી છ એ પદાર્થોની અલગ-અલગ સ્વતંત્ર ઓળખાણ થાય છે.

ઉપરોક્ત ષટ્દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ- આ ચાર તો સદાય શુદ્ધ રહીને પોતાના સ્વભાવરૂપ જ પરિણમન કરે છે પરંતુ જીવ અને પુદ્ગલ પર નિમિત્તના સંયોગથી વિભાવ પરિણમન કરે છે તથા પર નિમિત્તથી ન જોડાય ત્યારે સ્વભાવરૂપ પરિણમન કરે છે; માટે પૂર્વના ચાર તો સદાય શુદ્ધ જ રહે છે તથા જીવ અને પુદ્ગલ એકબીજાના સંયોગ-વિયોગથી ક્રમશઃ અશુદ્ધ અને શુદ્ધરૂપ થાય છે. બન્ને વિભાવ પરિણમનમાં એકબીજાને નિમિત્તરૂપ થયા કરે છે. પરિણમન તો બંન્ને પોતાના સામર્થ્યથી જ કરે છે. જીવ પોતાની વિભાવ પરિણમનરૂપ વૈભાવિકશક્તિના સામર્થ્યથી પુદ્ગલકર્મોનું નિમિત્ત પામીને રાગ-દ્વેષ-મોહરૂપ વિભાવ પરિણમન કરે છે. પુદ્ગલનું પોતાની વૈભાવિકશક્તિથી જીવના રાગ-દ્વેષ-મોહ આદિ નિમિત્ત મળતા કર્મસ્કંધ આદિ વિભાવરૂપ પરિણમન થાય છે. જીવ અને પુદ્ગલના પરસ્પર આ પ્રકારે સંયોગ-વિયોગથી જીવની ક્રમશઃ સંસાર અને મોક્ષ અવસ્થાઓ થાય છે. આ અવસ્થાઓનું જ્ઞાન કરવા માટે શ્રી જિનેન્દ્રદેવે પોતાના ઉપદેશમાં તેને સાત તત્વો કે નવ પદાર્થોના રૂપમાં નિરૂપણ કર્યું છે. શ્રીજિનેન્દ્રદેવ દ્વારા પ્રણીત સંપૂર્ણ દ્વાદશાંગી આ સાત તત્વોનો જ વિસ્તાર છે, જેના નામ છે- જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

પહેલું તત્ત્વ છે **જીવ તત્ત્વ.**જ્ઞાન-દર્શન સ્વભાવવાળો **જીવ** પદાર્થ છે. તે સંસારી અને સિદ્ધ એમ બે પ્રકારનો છે. જે કર્મના નિમિત્તથી રાગ-દ્વેષરૂપ પરિણમિત થઇને નરકાદિ ચાર ગતિઓમાં પરિભ્રમણ કરતો રહે છે તેને સંસારી જીવ કહે છે તથા જે

જિનોપદેશની સહાયતાથી પોતાના સ્વતંત્ર સામર્થ્યના બળે કર્મોના પ્રભાવને ક્ષીણ કરીને કર્મરહિત સ્વભાવસિદ્ધ થઇ ચૂક્યા છે તેને સિદ્ધ જીવ કહે છે.

બીજુ તત્ત્વ છે **અજીવ તત્ત્વ.**જે જ્ઞાન-દર્શન શક્તિથી રહિત છે તે બધા અજીવ કહેવાય છે, તેમની સંખ્યા પાંચ છે. પહેલું **પુદ્ગલ** જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત મૂર્તિક હોય છે તથા સદાય સ્કંધથી સ્કંધાન્તરરૂપ પુરણ-ગલન કરતું રહે છે. આ જગતમાં જે કાંઇ પણ આંખોથી દેખાય છે તથા અન્ય ઇન્દ્રિયોથી અનુભવમાં આવે છે તે બધું પુદ્ગલ છે. પરમાણુ, કર્મ, સ્કંધ આદિ જે ઇન્દ્રિયગમ્ય નથી તે પણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત હોવાથી પુદ્ગલ જ છે. આ પુદ્ગલ શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂલ, સંસ્થાન, ભેદ, તમ, છાયા, ઉદ્યોત અને આતપ આ દશ અવસ્થાઓમાં સર્વત્ર પ્રાપ્ત થાય છે. જીવ-પુદ્ગલોની ગતિમાં જે નિમિત્ત કારણ છે તે **ધર્માસ્તિકાય** છે. જીવ-પુદ્ગલોની સ્થિતિમાં જે નિમિત્ત કારણ છે તે **અધર્માસ્તિકાય** છે. જે બધા દ્રવ્યોને સ્થાન આપે છે તે **આકાશ દ્રવ્ય** છે તથા જે બધા દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત કારણ છે તે **કાળદ્રવ્ય** છે.

ત્રીજુ તત્ત્વ છે **આસ્રવ તત્ત્વ.**આત્મા તરફ કર્મોનું આવવું તેને **આસ્રવ** કહે છે. પાંચ પ્રકારના ભાવોથી કર્માસ્રવ થાય છે તેથી તે પાંચ ભાવોને ભાવાસ્રવ કહે છે. પહેલું **છે મિથ્યાત્વ**- જે પદાર્થ મૂળરૂપમાં જેવો છે તેવો ન માનીને વિપરીત રૂપે સ્વીકાર કરવો તે **મિથ્યાત્વ** છે. વિપરીત માન્યતાથી પદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટપણું થાય છે, જેના કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે, જેનાથી કર્માસ્રવ થાય છે. બીજું છે **અવિરતિ**-પંચેન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તન કરવું અવિરતિ છે અથવા તેનાથી વિરક્તભાવ ન થવા **અવિરતિ** છે. આનાથી જીવોની હિંસા આદિ રાગ-દ્વેષરૂપ પરિણામ થવાથી કર્માસ્રવ થાય છે. ત્રીજું છે **પ્રમાદ**- પરમાર્થ કાર્યનો અનાદર કરીને સાંસારિક વિષયોમાં લાગ્યા રહેવું **પ્રમાદ** કહેવાય છે. આનાથી રાગ-દ્વેષ થતાં કર્માસ્રવ થાય છે. ચોથું છે **કષાય**- ક્રોધ, માન, માયા, લોભ, કામ આદિ ભાવ થવા **કષાય** કહેવાય છે, તેનાથી કર્માસ્રવ થાય છે. પાંચમું છે **યોગ**- મન-વચન-કાયાની પ્રવૃત્તિથી આત્મપ્રદેશોમાં પરિસ્પંદન થવું **યોગ** છે. આનાથી કર્મપરમાણુ આત્મા તરફ આકર્ષિત થાય છે. આ પ્રકારે આ પાંચ કારણોથી આત્મા તરફ કર્મ આવે છે, જે ફળ આપતા આત્મા ચારે ગતિઓમાં પરિભ્રમણ કરતો દુઃખી થાય છે. આસ્રવ પણ બે પ્રકારનો છે - એક પુણ્યાસ્રવ તથા બીજો પાપાસ્રવ. જ્યારે ઉપરોક્ત પાંચ ભાવોની મંદતા થાય છે ત્યારે આત્માને શાતા ઉત્પન્ન થાય એવા કર્મોનો આસ્રવ થાય છે તેને પુણ્યાસ્રવ કહે છે તથા જ્યારે તેની તીવ્રતા હોય છે ત્યારે આત્માને અત્યધિક વ્યાકુળતા ઉત્પન્ન કરનાર કર્મોનો આસ્રવ થાય છે, જેને પાપાસ્રવ કહે છે. તત્વતઃ બન્ને સંસારના જ કારણ છે.

ચોથું તત્ત્વ છે **બંધ તત્ત્વ**. કર્મ પરમાણુઓનું પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશરૂપ થઇને આત્મપ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહ સંશ્લેષરૂપ થઇને બંધાઇ જવું કર્મબંધ કહેવાય છે. કર્મના સ્વભાવને પ્રકૃતિ કહે છે. આત્મા સાથે કર્મરૂપમાં રહેવાના સમયને સ્થિતિ કહે છે. કર્મની ફળ આપવાની શક્તિ વિશેષને અનુભાગ કહે છે તથા કર્મોની સંખ્યાને પ્રદેશબંધ કહે છે. કર્મબંધથી આત્મા પાંજરામાં પુરાયેલા સિંહની જેમ પરાધીન થઇને આકુળ-વ્યાકુળ રહે છે. જે કર્મ બંધાયા છે તેમનો કાળ પૂરો થતા તે આપણને સુખ-દુઃખરૂપ ફળ આપે છે. તે સમયે ફરી તે કર્મોદયના નિમિત્તથી સુખી-દુઃખી અર્થાત્ રાગી-દ્વેષી થઇને નવીન કર્મ-બંધ કરે છે. આ પ્રકારે બંધનની પરંપરા અનંતકાળથી ચાલી રહી છે અને હજુ પણ આ ધર્મધ્યાનને આદર ન આપ્યો તો અનંત કાળ સુધી ચાલતી રહેશે અર્થાત્ દુઃખી થતા રહીશું.

પાંચમું તત્ત્વ છે **સંવર તત્ત્વ**. આત્મા તરફ કર્મોનું આવતાં રોકાઇ જવું **સંવર** કહેવાય છે. જે કારણોથી કર્મ આવે છે તેનાથી ઠીક વિપરીત કારણોથી કર્મ રોકાઇ જાય છે. અર્થાત્ તત્વાર્થશ્રદ્ધાનરૂપ **સમ્યક્ત્વ**, વિષયોમાં વિરક્તિરૂપ **સંયમ**, પરમાર્થ પ્રવૃત્તિઓમાં અતિઉત્સાહરૂપ **અપ્રમાદ**, ક્રોધ, માન, માયા, લોભાદિથી રહિત શાંત નિરાકુળ પરિણામરૂપ **નિષ્કષાયભાવ** અને મન, વચન, કાયની પ્રવૃત્તિઓના નિરોધ રૂપ **યોગનિરોધ** (ગુપ્તિ). તેમના સેવનથી આત્મા સંવરરૂપ થાય છે. (ક્રમશઃ)

આનંદનું ઉપનિષદ

# મુમુક્ષુ કોણ ?

**સમણ શ્રુતપ્રજ્ઞજી**

યોગી આનંદઘનજી અનંતનાથ ભગવાનની સ્તુતિમાં ગાય છે - 'ધાર તલવારની સોહિલી, દોહિલી ચૌદમા જિન તણી ચરણસેવા' એટલે કે તલવારની ધાર પર ચાલવું સહેલું છે પણ જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલવું અઘરું છે. પ્રભુ કહે છે : તલવારની ધાર પર ચાલવા કરતાં પણ પ્રભુની આજ્ઞામાં ચાલવું અઘરું છે. આજકાલ નાની નાની વયે મોટા પ્રમાણમાં દીક્ષાઓ થઇ રહી છે. કોઇ યુવાન દીક્ષા લે એટલે એમના મા-બાપ સમજાવે છે કે, "દીક્ષા લેવી એ ખાવાના ખેલ નથી." મને લાગે છે કે દીક્ષા લેવી એ તો ખાવાના ખેલ જ છે, કેમકે દીક્ષા લે ત્યારે કેટલું માનપાન મળે, આદર સત્કાર થાય ! દીક્ષા લીધા પછી સાચી કસોટી છે. સાધુ બન્યા પછી સાધુપણું પાળવું એ ખાવાના ખેલ નથી, ખાંડાના ખેલ છે. દીક્ષા લેવી સહેલી છે, પાળવી બહુ અઘરી છે, કેમકે અખંડ રીતે આજીવન વીતરાગની આજ્ઞામાં ચાલવાનું હોય છે. સાધુ બનવું એ સૌભાગ્યની વાત છે પણ સાથે સાથે મોટી જવાબદારી પણ છે. જેટલો માણસ ઉપર ચડે છે પછી થોડું પણ પાપ કરે તો બહુ મોટું પાપ છે. નાનો માણસ મોટું પાપ કરે તો પણ નાનું છે અને મોટો માણસ નાનું પણ પાપ કરે તો એ મોટું પાપ છે. એક સંસારી વ્યક્તિ કરતા સત્સંગીની જવાબદારી વધારે હોય છે. સત્સંગી કરતા શ્રાવકની જવાબદારી વધારે છે, એવી રીતે શ્રાવક કરતા મુમુક્ષુની, મુમુક્ષુ કરતા સાધુની, સાધુ કરતા આચાર્યની જવાબદારી વધારે છે. તમે કઇ શ્રેણીમાં આવો છો, એ પ્રમાણે તમારી જવાબદારી સમજી લેજો.

મુમુક્ષુ બનવું સહેલું નથી. જેટલું આત્માનું સ્તર ઊંચું એટલી જાગૃત રહેવાની જવાબદારી વધુ હોય છે. એટલે મુમુક્ષુ બનવું સહેલું નથી. યાદ રાખજો કે કપડાં બદલવાથી મુમુક્ષુ થવાતું નથી, જય પ્રભુ બોલવા માત્રથી કે કોઇ ધર્મક્રિયા બદલી લેવાથી કે વ્રત ધારણ કરી લેવાથી પણ મુમુક્ષુ નહીં થવાય. મુમુક્ષુનું પેરામીટર ધર્મક્રિયા નથી, ધારણ કરેલા વ્રત નથી, વસ્ત્ર નથી. મુમુક્ષુતા એ કોઇ બાહ્ય આચાર નથી, અંતરંગ દશા છે, આંતરિક ગુણ છે.

મુમુક્ષુતાને સમજવા માટે ત્રણ શબ્દો યાદ રાખો :

૧. જિજીવિષા : જીવવાની ઇચ્છા - ડિઝાયર ટુ લિવ

૨. જિજ્ઞાસા : જાણવાની ઇચ્છા - ડિઝાયર ટુ નો

૩. મુમુક્ષુતા : છૂટવાની ઇચ્છા - ડિઝાયર ટુ લીવ

સાચું કહો આ ત્રણમાંથી આપણી ઇચ્છા કઇ ? આપણે બધા પોતાની જાતને મુમુક્ષુ માનીએ છીએ ને ? આપણા પ્રાયોગિક જીવનમાં પ્રમુખ ઇચ્છા કઇ ? ઘણાને હજુ જીવવું છે, આ જીવનથી હવે કોઇ સાધના-આરાધના નથી થતી, માત્ર કર્મબંધન જ થાય છે તો પણ ઘણાની સુષુપ્ત ઇચ્છા જીવવાની હોય છે. ઘણાને જીવવાની નહિ પણ હજુ ખૂબ જાણવું છે. 'આ વાંચી લઉં, આ જાણી લઉં.' એક વાત યાદ રાખજો : અધ્યાત્મની દુનિયામાં બહુ જાણવાની ઇચ્છા એ પણ એક બંધન છે. જાણવા માત્રથી બંધન છૂટતું નથી, આચરવાથી બંધન છૂટે છે. અહીં સાપ આવે તો જાણવાની ઇચ્છા થાય કે છૂટવાની ? બહુ ઓછાને છૂટવું છે. આપણી પાસે સમય બહુ ઓછો છે, ઊર્જા પણ ઓછી છે, આ જીવનમાં છૂટવાની સાધના કરી લ્યો.

છૂટવામાં પણ બંધનથી છૂટવું છે કે બંધનના કારણોથી છૂટવું છે ? આ બહુ મહત્ત્વનું છે. સંસારમાં દુઃખ છે, એટલે ભાવ થાય કે હવે હું આ બંધનમાંથી ક્યારે છૂટીશ... વાસ્તવમાં જો બંધનથી છૂટવું હોય તો એના કારણોથી છૂટવું જોઇએ. બંધનનું કારણ છે - મોહ અથવા રાગ-દ્વેષ અથવા કષાય. કૃપાળુદેવ શ્રીમદ્જી લખે છે : લાખોમાં એક-બે જીવમાં મુમુક્ષુતા હોય છે, બાકી મને (કહેવાતા) મુમુક્ષુમાં પણ મુમુક્ષુતા

દેખાતી નથી અને મને સાધુમાં પણ સાધુતા દેખાતી નથી, આનો મને ખેદ છે. એ સમયે એમણે આવું લખ્યું છે. આજે તો સ્થિતિ વધુ ગંભીર છે. દરેક ધાર્મિક વ્યક્તિએ વિચારવું જોઇએ કે મારામાં મુમુક્ષુતા છે કે કેમ ? અહીં વિચારીએ મુમુક્ષુતા કોને કહેવાય...

**(૧) વૃત્તિ બદલો, પ્રવૃત્તિ નહિ :** જેનું ધ્યાન માત્ર પ્રવૃત્તિઓ બદલવામાં હશે એમના માટે કૃપાળુદેવ લખે છે, 'સહુ સાધન બંધન થયા.' ધર્મના સાધનો અને ધર્મની આરાધના પણ બંધન થઇ ગઇ છે! ઉપવાસ બંધન થયા, કેમકે વૃત્તિ સન્માન મેળવવાની છે, આત્માને ઓળખવાની નથી. પ્રવચન આપવું બંધન થયું કેમકે લક્ષ્ય લોકોને પ્રભાવિત કરવાનું છે, પ્રકાશિત કરવાનું નથી. દાન બંધન થયું કેમકે મૂળમાં પરિગ્રહના ત્યાગની ભાવના નથી, પ્રતિષ્ઠાની ઝંખના છે. યાદ રાખો કે જો તમે વૃત્તિઓ નહીં બદલો તો પ્રવૃત્તિઓ બદલવી જ પડશે. કૃપાળુદેવનું જોર વૃત્તિ બદલવા પર છે. તેઓશ્રીએ કહ્યું છે : તમે તમારી વૃત્તિઓને લખતા રહેજો. એમણે વૃત્તિ લખવાની વાત કરી છે. વૃત્તિ લખશો એટલે છૂટશે જ. માત્ર પ્રવૃત્તિ બદલશો તો માન વધશે, લોકોની જૂઠી પ્રશંસાનો ભોગ બનશો. આ દંભ છે. મુમુક્ષુને બીજાની પ્રશંસા સાંભળવામાં રસ ન હોય. જે નથી એ દેખાડવું અને છે તેને છુપાવવું તે દંભ છે. મુમુક્ષુનું ફોકસ જાગૃતિ ઉપર હોય, પસ્તાવા પર નહિ. જાગૃતિ નહિ હોય તો વારંવાર માફી માંગવી પડશે. વારંવાર માફી માંગવી એ એટલું જ સૂચવે છે કે તમે સૂતેલા છો. મુમુક્ષુને ધર્મની ચર્ચા માત્રમાં રસ ઓછો હોય, એના આચરણમાં વધુ રસ હોય. આત્મામાં મુમુક્ષુતાનો ભાવ ઘટે એટલે માત્ર શુષ્ક ચર્ચામાં રસ વધશે. કૃપાળુદેવે કહ્યું છે ને કે 'કોઇ ક્રિયાજડ થઇ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઇ.' માત્ર ચર્ચામાં જ્ઞાનની વાતો અને આચરણમાં અજ્ઞાન સિવાય કશું નહિ દેખાય.

**(૨) આરાધનાને સાધના બનાવો :** તમારી આરાધનામાં ગુણવત્તા વધારે લાઓ, આરાધનામાં માત્ર સમય વધારે લગાવવાની જરૂર નથી. સાધનામાં લંબાઇ નહીં, ઊંડાણ લાઓ. નાની આરાધના પણ ભાવથી કરો, જાગૃતિથી કરો. એક નાનકડું અનુષ્ઠાન પણ જો ભાવપૂર્વક કરશો તો જીવનમાં મુમુક્ષુતાનું ફૂલ ખીલશે. કોઇને વંદન પણ કરો તો એવી રીતે કરો કે માનો એ સાક્ષાત્ ભગવાન છે. વંદન કર્યા પછી અહંકાર ના રહે. કોઇ તમારા પર ક્રોધ કરે તો વિચારો કે એણે એનો ધર્મ બજાવ્યો, હવે તમારે શું કરવું છે એ ધ્યાનમાં રાખો. ક્રોધીને ઉપકારી માનો કે એના કારણે તમારી સમતા કેટલી છે એની તમને ખબર પડી. બીજાની નિંદાને પણ સાધના બનાવો. એના દ્વારા નિંદા કરવાથી મારામાં અહંકાર કેટલો છે એની ખબર પડશે. મહાવીરે આ જ તો કર્યું... કોઇ વિઘ્ન આવે એને તેઓ આશીર્વાદ સમજતા હતા. યાદ રાખજો : વિઘ્ન મુમુક્ષુને જગાડે છે, અનુકૂળતા મુમુક્ષુને ઊંઘાડી દે છે. કુશળ વ્યાપારી કોને કહેવાય ? જેને ઓછો નફો થાય તો સહન ન કરી શકે. કુશળ મુમુક્ષુ કોને કહેવાય ? ઓછી કર્મનિર્જરા થાય તો સહન ના થાય... દરેક પ્રસંગમાં ચેક કરો : આજે કેટલી શુદ્ધિ થઇ, આનંદ કેટલો વધ્યો ?

**(૩) આરાધનાને આનંદનો હેતુ બનાવો :** ચેક કરો, તમે જ્યારે કોઇ આરાધના કરો છો ત્યારે તમને આનંદની અનુભૂતિ થાય છે ? તમારી આરાધનાની બીજાને ખબર પડે ત્યારે તમને ખુશી થાય છે કે તમે એ આરાધના કરો છો ત્યારે ખુશી થાય છે ? તમે કોઇ પણ આરાધના કરો ત્યારે તમને એટલી જ ખુશી થતી હોય જેટલી બીજાને ખબર પડવાથી થાય, તો સમજો કે તમે મુમુક્ષુ છો. ગુપ્ત દાન કરો ત્યારે એટલી જ ખુશી થાય છે, જેટલી મંચ ઉપર તમારુ નામ લે ત્યારે થાય છે ? કૃપાળુદેવ ૪૪૨ પત્રમાં લખે છે : જગતની દૃષ્ટિએ તમારું કલ્યાણ સંભવ નથી. દુનિયાને અને દુનિયાના લોકોને કેન્દ્રમાં રાખશો તો તમારું કલ્યાણ સંભવ જ નથી. માટે કોઇ પણ આરાધના - સાધના કોઇને બતાવવા માટે ના કરો, આત્માની પવિત્રતા માટે કરો, પોતાના આનંદ માટે કરો. આપણો ધર્મ પણ સામાજિક થઇ ગયો છે. ધર્મ તો આત્માનો આત્યંતિક સ્વભાવ છે. એનું દર્શન હોય,

**(અનુસંધાન પાના નં. ૮ પર)**

પરમનો સ્પર્શ - ૧૨૭

# સાધનાની ઇચ્છા અને સમયની ખેંચ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

જમાનો આવ્યો છે તીવ્ર સ્પર્ધા અને પ્રસિદ્ધિભર્યા પ્રદર્શનોનો. પ્રત્યેક વ્યક્તિ ટૂંકી ઝડપી દોડની સ્પર્ધામાં ઊતર્યા છે અને એનો એક જ મક્સદ છે કે એટલી ઝડપથી દોડું કે મારો હરીફ ક્યાંય પાછળ રહી જાય ! સાવ પરાસ્ત થઇ જાય. કોઈને વળી ધનની, પદની કે સત્તાની એવી દોડ લગાવવી છે કે જેમાં એ એકલો જ સહુથી આગળ રહે અને પાછળ દૂર સુધી એનો કોઇ પ્રતિસ્પર્ધી હોય નહીં. પ્રદર્શનની તો એવી બોલબાલા છે કે ધનનું બીભત્સ પ્રદર્શન માત્ર ધનવાનો જ કરતા નહીં, બલ્કે ધાર્મિકો પણ કરતા હોય છે ! કોઇ ધનવાન ભવ્ય રિસેપ્શનમાં અઢળક ખર્ચો કરે, તો કોઇ ધાર્મિક સમારંભમાં કશાય કારણ વિના હાથી-ઘોડાને બેન્ડવાજાંની ફોજ સાથે સરઘસ કાઢે !

એક જમાનામાં જ્ઞાનનું પ્રદર્શન થતું હતું, હવે ગર્વનું પ્રદર્શન થાય છે. જ્ઞાનને માટે અભ્યાસ જોઇએ અને ગર્વનું પ્રદર્શન કરવા માટે મનોરંજનનાં સાધનો ઊભાં કરવાં પડે. આવા યુગમાં તમે કોઇને સાધનાની વાત કરો તો શું થાય ? એનો શો પ્રતિભાવ આવે ?

કેટલીક વ્યક્તિઓ તો એવી હોય છે કે સાધનાનું નામ સાંભળતા જ મોં ફેરવી લે છે. જીવનમાં સાધના એ કોઇ ત્યાજ્ય કે સાવ અણગમતી બાબત હોય એવો એમનો વર્તાવ હોય છે અને ચોખ્ખા શબ્દોમાં કહી દેશે કે, ‘આ સાધના-બાધનાની ઝંઝટમાં અમે પડતા નથી.’ સાધનાની આવી ઉપેક્ષા કરનારા વર્ગની કરુણા એ હોય છે કે તેઓ એમની ચોપાસના ભૌતિક જગતમાં જ ડૂબેલા હોય છે. માણસનાં બે રૂપ હોય છે. એનું એક રૂપ એ આધ્યાત્મિક કે પારમાર્થિક રૂપ હોય છે અને બીજું રૂપ એ માયિક એટલે કે જગતની માયાને લગતું હોય છે.

ઘણીવાર વ્યક્તિ આ માયિક રૂપમાં એવો ફસાઇ જાય છે કે એના જીવનના અંત સુધી એને સાધનાના ‘સ’ ની ય ખબર પડતી નથી. આજના બુદ્ધિવાદી કહેવાતા યુગમાં કેટલાકને ધર્મની ભારે સૂગ હોય છે. ધર્મનું નામ આવતાં જ નાકનું ટેરવું ચડાવે છે અને એનાથી કેટલાક તત્કાળ દૂર ભાગે છે અને કેટલાક એની ટીકા કરે છે. આ પ્રકારના લોકો માત્ર બાહ્યજીવન જીવતા હોય છે. પોતાનો સ્વાર્થ, પોતાની નોકરી, પોતાનું સુખ શોધતા હોય છે અને તે પણ બાહ્ય જગતમાં.

કેટલીક વ્યક્તિઓ એવી છે કે જેનો સાધના સાથે સહેજે મેળ પડતો નથી, કારણ એ કે એમને માત્ર બાહ્ય ક્રિયાકાંડોમાં જ રસ હોય છે, ભીતરની આરાધનામાં નહીં. બાહ્ય ક્રિયાઓનું ભીતરના આત્મા સાથે અનુસંધાન હોતું નથી. પરિણામ એ આવે છે કે એ જિંદગીભર ક્રિયાઓ કરતા રહે છે. કોઇ ક્રિયા વિશે ટીકાનો એક શબ્દ કહે, તો એ ધૂંવાફૂંવા થઇ જતા હોય છે. સામેની વ્યક્તિને સમજાવવાની કોશિશ કરવાને બદલે એના પર ગુસ્સાના મૂશળધાર શબ્દોથી તૂટી પડતા હોય છે અને કહેતા હોય છે કે તમારા જેવા અધર્મી કે નાસ્તિકને આ ક્રિયાની સમજ ક્યાંથી હોય !

ઘણી વ્યક્તિઓ નિયમિતરૂપે જીવનના આંગણમાં માત્ર ક્રિયાની ફેરફુદરડી રમતી હોય છે. શ્રાવણ મહિનો આવે અને ઉપવાસ કરે, પર્યુષણ આવે અને અઠ્ઠાઇ કરે. આ બધું કરે ત્યારે ક્રિયાનો જીવન સાથે કે ભીતર સાથે કોઇ મેળ બેસાડતા નથી, પરિણામે સમય જતાં એ ક્રિયા દૈનિક વ્યાયામનું રૂપ લઇ લે છે અને તેથી આવી ક્રિયા કરનારાઓને સાધનાના ભીતરી જગતમાં કોઇ રસ પડતો નથી. જો આત્મલક્ષી થવું હોય તો બાહ્યમાંથી ભીતરમાં જવું પડે અને તો જ સાધનાની પ્રક્રિયા થાય, પરંતુ આવી વ્યક્તિઓને સાધના સાથે મેળ પડતો નથી.

ત્રીજા પ્રકારની વ્યક્તિઓ એવી હોય છે કે જેઓ ક્યારેક કોઇ સત્સંગમાં જાય, કોઇ પ્રવચન સાંભળે, કોઇ સંતનો સમાગમ થાય ત્યારે થોડો સમય મનમાં વિચાર કરે છે કે હવે આપણે સાધના તો કરવી જ જોઇએ, પરંતુ એ વિચારો સ્મશાનવૈરાગ્યની માફક થોડો સમય આવીને વિદાય લેતા હોય છે. કોઇ સંતની સભામાં વિરાટ જનમેદની ઉપસ્થિત થતી હોય છે, પરંતુ એમાંથી સાધનાના પથ પર કેટલા ચાલ્યા તેનો વિચાર કરવો જોઇએ અને આમાં સાધનાના પ્રયોજનથી કેટલા લોકો આવે છે, તે કોઇએ જોયું છે ખરું ?

કેટલાક ગુરુ કે સંતના દર્શનથી 'પાવન' થવા આવે છે, તો કેટલાક સમાજની શરમે આવે છે, તો કેટલાક ધાર્મિકતાનો ઝભ્ભો પહેરીને આવે છે. કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેમના ઘરમાં કલહ-કંકાસ ચાલતા હોય છે અને એમાંથી થાકીને એમણે સંતની કથાઓનું કે ભજનિકોનાં ભજનોનું શરણું લીધું હોય છે. આમાંથી બહુ ઓછાને સાધના પ્રત્યે રુચિ હોય છે. માણસ હંમેશાં પોતાની રુચિ મુજબનું કામ શોધતો હોય છે. એને જેમાં રુચિ હોય, તે મળે એટલે તરત દોડી જાય. જેમાં અરુચિ હોય એ કામ કરવાનો ઇન્કાર કરે અથવા તો અનિવાર્ય હોય તો ક-મને એને માથે આવી પડેલું કામ માનીને કરે.

ચોથા પ્રકારની વ્યક્તિઓ એવી હોય છે કે જેમને રુચિ હોય છે, પરંતુ સમય હોતો નથી. એ કહેશે કે ઇચ્છા તો ઘણી છે, પણ 'ટાઇમ' ક્યાં મળે છે ? મનથી તો સાધનાને વરેલો છું, પરંતુ એને માટેનો સમય ક્યાં છે ? પરંતુ એ જ વ્યક્તિને જો પોતાની રુચિ પ્રમાણેનું કામ મળી જાય, તો સમય જ સમય છે. કેટલાકને સહેલગાહે જવાનું ગમતું હોય છે, તો કેટલાકને મનોરંજનનાં સાધનોમાં કે સોશ્યલ મિડીયામાં ડૂબી જવું પસંદ હોય છે. આવી વ્યક્તિ આ બધી બાબતો માટે પૂરતો સમય ફાળવી શકે છે, પણ સાધનાને માટે ફાળવી શકતો નથી. મુખ્ય વાત તો એ છે કે સાધના માટે સાચી ઝંખના અને તીવ્ર તલસાટ હોવો જોઇએ. તમન્ના વિનાનો માણસ સાધના કરી શકતો નથી. કદાચ એ માર્ગે એક-બે સોપાન આગળ વધે, પરંતુ ત્યાં જ અટકીને એ પાછો આવશે. જેમ ઘર છોડીને સંન્યાસ લેનારાઓમાંથી કેટલાક સંન્યાસીઓ પુનઃ ગૃહસ્થીમાં પ્રવેશતા હોય છે.

કેટલાક વળી ભૂતકાળનાં ઉદાહરણો આપીને સાધનાથી અળગા થવાની કોશિશ કરશે. એ કહેશે કે એક જમાનામાં અમારા કુટુંબની જાન બહારગામ જતી, ત્યારે સાત-સાત ટંક જમાડવામાં આવતી અને આજે તો માત્ર લગ્નના અંતે રિસેપ્શન રાખવામાં આવે છે. એનો અર્થ જ એ કે એ સમયના લોકો નવરાધૂપ હતા, જ્યારે આજના લોકો પાસે સમય નથી અને સમય નથી માટે સાધના કરવાની કશી અનુકૂળતા નથી.

તમારા સમય પર કોનું રાજ છે ! પોતાના સમય પર પોતાનું જ રાજ હોય છે. એને કઇ રીતે ગાળવો એ એણે ખુદ નક્કી કરવાનું હોય છે. એ સમયનું વિભાજન કેમ કરવું અને 'પ્રાયોરિટી' પ્રમાણે કેમ જીવવું એ નિશ્ચિત કરવાનું કામ વ્યક્તિનું પોતાનું હોય છે. પણ આવે સમયે વ્યક્તિ જીવનની 'પ્રાયોરિટી'માં સાધનાને ગણતો નથી. કેટલાક તો કહેશે કે મુંબઇ જેવા મહાનગરોની દોડધામમાં વહેલી સવારે નીકળેલો માણસ છેક મોડી રાત્રે ઘેર જાય છે, ત્યારે એ થાકીને લોથપોથ થઇ ગયો હોય. કોઇ કહેશે કે મોંઘવારીના આ સમયમાં જ્યાં કુટુંબનું પૂરું થતું નથી, ત્યાં વળી આ સાધનાની વાત શી ?

કોઇ વળી એવા લોકો હોય છે કે જે રોજ થોડી ઘણી ધર્મક્રિયા કરતા હોય છે, કોઇ પૂજાપાઠ કરે, કોઇ માળા ફેરવે અને કોઇ દર્શને જાય, પરંતુ એની સઘળી ભક્તિ આમાં જ સીમિત થઇ જાય છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતા' એ કહ્યું છે તેમ 'સાધનાથી તો આત્મબળ મળવું જોઇએ અને સાધનાથી એ સત્યની ઝાંખી થવી જોઇએ કે જે જ્ઞાનની પરાકાષ્ઠારૂપ છે.' પણ કેટલીક વ્યક્તિઓ થોડી ધાર્મિક ક્રિયા કરી સાધના થઇ ગઇ તેમ માને છે. હકીકતમાં તો સંત વિનોબા ભાવેએ કહ્યું છે તેમ

**(અનુસંધાન પાના નં. ૧૦ પર)**

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૮૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

હિમાલય નિવાસી શિવના ચરણથી ધૂસરીત પવિત્ર ગંગા, શ્રીકૃષ્ણના ચરણરજથી પાવન યમુના અને બ્રહ્માના નિરપેક્ષ ભાવથી ભરિત સરસ્વતી સરિતાઓનો સમન્વય એટલે પરમકૃપાળુદેવ. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની સમ્યક્ સરસ્વતી ઉપદેશછાયા આંક-૯માં આલેખે છે, "પાંચ ઇંદ્રિયો શી રીતે વશ થાય ? વસ્તુઓ ઉપર તુચ્છ ભાવ લાવવાથી. ફૂલના દૃષ્ટાન્તેઃ- ફૂલમાં સુગંધ હોય છે. તેથી મન સંતુષ્ટ થાય છે; પણ સુગંધ થોડીવાર રહી નાશ પામી જાય છે અને ફૂલ કરમાઈ જાય છે, પછી કાંઈ મનને સંતોષ થતો નથી; તેમ સર્વ પદાર્થને વિષે તુચ્છભાવ લાવવાથી ઇન્દ્રિયોને પ્રિયતા થતી નથી, અને તેથી ક્રમે ઇન્દ્રિયો વશ થાય છે. વળી પાંચ ઇન્દ્રિયોમાં પણ જિહ્વા ઇન્દ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇન્દ્રિયો સહેજે વશ થાય છે. તુચ્છ આહાર કરવો, કોઇ રસવાળા પદાર્થમાં દોરાવું નહીં. બલિષ્ઠ આહાર ન કરવો." સરળ, સુગમ અને મધુર ભાવો આ વાણીમાં વ્યક્ત થયા છે. વૈરાગ્યના પાયામાં તુચ્છતા રહેલી છે.

શ્રી પૂજ્યપાદ વિરચિત ગ્રંથ 'સમાધિતંત્ર' અનેક દૃષ્ટિએ તત્ત્વપિપાસુને માર્ગ પ્રકાશિત કરે છે. ઉપશમ, ત્યાગ, વૈરાગ્ય સહજપણે સાધકમાં હોય છે. તે તત્ત્વપિપાસુ સાધક અનુક્રમે બહિરાત્મામાં સ્વપુરુષાર્થ સાધી અંતરાત્મા થાય છે. પછી પુરુષાર્થ તીક્ષ્ણતાથી પરમાત્મપદ સધાય છે. અધ્યાત્મના સાગરને સરળ શૈલીથી આ ગ્રંથમાં ભરી દીધો છે.

આપણે શ્લોક ૫૪માં વિચાર્યું કે ખરેખર શરીર અને વાણી એ પુદ્ગલની રચના છે. તે મૂર્તિક-જડ છે. આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળા છે, છતાં અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મબુદ્ધિ કરે છે. તેને આત્મા માને છે તે ભ્રાન્તિ છે. આ ભ્રાન્તિને કારણે શરીરાદિકની ભાવના ભાવે છે પણ આત્માની ભાવના ભાવતો નથી. જ્ઞાની અંતરાત્માને ભેદજ્ઞાન વર્તે છે તેથી શરીરાદિને શરીરાદિ અને આત્માને આત્મા માને છે. તેથી તે અભ્રાન્ત છે. ભ્રાન્તિમાં જીવતાં નથી. આત્મામાં જીવે છે.

ઇન્દ્રિયના વિષયો ઉપકારક નથી છતાં બહિરાત્મા ઇન્દ્રિયોનાં વિષયોમાં આસક્ત રહે છે તેની સમજૂતી શ્લોક પંચાવનમાં આપે છે.

**न तदस्तीन्द्रियार्थेषु यत् क्षेमङ्करमात्मनः ।**
**तथापि रमते बालस्तत्रैवाज्ञानभावनात् ॥५५॥**

**અન્વય** : इन्द्रियार्थेषु तत् न अस्ति यत् आत्मनः क्षेमङ्करं तथापि बालः अज्ञान भावनात् तत्र एव रमते।

**શબ્દાર્થ : इन्द्रियार्थेषु** = પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં, **तत् न अस्ति** = એવો કોઇ પદાર્થ નથી, **यत्** = જે, **आत्मनः क्षेमङ्करं** = આત્માને હિતકારી હોય, **तथापि** = તેમ છતાં, **बालः** = અજ્ઞાની બહિરાત્મા, **अज्ञान भावनात्** = મિથ્યાત્વના સંસ્કારને લીધે, **तत्र एव** = તેમાં જ **रमते** = રમે છે. આસક્ત થાય છે.

**ભાષાંતર :** પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઇ પદાર્થ નથી જે આત્માને હિતકારી હોય; તેમ છતાં અજ્ઞાની બહિરાત્મા મિથ્યાત્વના સંસ્કારને કારણે ઇન્દ્રિયોના વિષયોમાં જ રમે છે.

**ભાવાર્થ :** મિથ્યાત્વનાં સંસ્કારને કારણે બહિરાત્મા ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહે છે, જે ખરેખર ઉપકારક નથી છતાં આસક્તિને કારણે, આત્મભાન નથી તેથી વિષયાસક્ત રહે છે. તેની સ્પષ્ટતા શ્રી પૂજ્યપાદ આચાર્ય આપે છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયમાં એવો કોઇ પદાર્થ નથી કે જે આત્માને ક્ષેમંકર હોય-અર્થાત્ ઉપકારક હોય, પણ અજ્ઞાની બહિરાત્મા મિથ્યાત્વના વિપરીત

સંસ્કારને કારણે ઇન્દ્રિયોના વિષયોમાં રમ્યા કરે છે. જેમ બાળક હિત-અહિતના વિવેક વગર ગમે તેમાં રમવા લાગે છે તેમ બાળક એવો અજ્ઞાની બહિરાત્મા હિતાહિતનો વિચાર કર્યા વગર, સ્વ-પરનું ભાન નહિ હોવાથી પોતાના ચૈતન્ય તત્ત્વને ભૂલીને બાહ્ય વિષયોમાં સુખ માનીને તેમાં રમ્યા કરે છે.

પણ જગતમાં એવો કોઇ વિષય નથી, જે આત્માને સુખ આપે. તત્ત્વદષ્ટિથી વિચારતાં પાંચ ઇન્દ્રિયોના સુખ તે સુખ જ નથી કારણ કે પાંચ ઇન્દ્રિયોના સુખ બંધના કારણ છે. જે ચાર ગતિમાં પરિભ્રમણ કરાવે છે. ઇન્દ્રિયોના વિષયો મૃગજળ સમાન છે. સુખની ભ્રાન્તિ કરાવે છે. જેમ મૃગજળ - ત્યાં જળ = પાણી છે એમ માનીને અજ્ઞાનવશ મૃગ પાણીની ભ્રાન્તિથી રખડ્યા કરે છે. જળની ભ્રાન્તિ જળ કેમ આપી શકે ? માટે પરથી ભિન્ન આત્મા છે એમ જાણીને ભેદજ્ઞાન વડે આત્માની ભાવવામાં મશગૂલ થા. કોઇ અન્ય પદાર્થ જીવને સુખ આપી શકે તેમ નથી. માટે ભેદજ્ઞાન વડે પરથી ભિન્ન આત્માને વિચારીને, જાણીને, શ્રદ્ધામાં સ્થાપીને આત્મપ્રાપ્તિની ભાવના ભાવ. સ્વદ્રવ્યને ભિન્ન જાણીને અંતર્મુખ સ્વ પુરુષાર્થમાં લાગી જા. અવશ્ય આત્મદશા પ્રાપ્ત થશે.

પૂ. આચાર્યદેવ બહિરાત્માને બહિરાત્માની પ્રવૃત્તિ બતાવીને તેમાંથી મુક્ત થવાનો ઉપદેશ આપે છે. છતાં અજ્ઞાની જીવ તેમાં આસક્ત થાય છે અને આત્મસુખનું વિસ્મરણ કરે છે. કેટલીક વાર તો અસહ્ય તૃષ્ણારૂપી દાહને લીધે પણ મરણ સુધીનું દુઃખ સ્વીકારીને ક્ષણિક ઇન્દ્રિયોના વિષયમાં રત બને છે. વિષયોથી વિરક્ત બનતો નથી. જેમ હાથી-હાથણીને સ્પર્શવા ઇચ્છતો બીજું કાંઇ જોતો નથી. જેમ ભ્રમર કમળ બીડાઇ જવાની તૈયારીમાં છે છતાં બીડાઇ જશે - મારું મૃત્યુ થશે એમ નહિ વિચારતાં સુગંધ લેવામાં લીન રહે છે. પતંગિયું દીવાની જ્યોત આસપાસ ચક્કર લગાવે છે. દીવાની જ્યોતથી અગ્નિમાં હું નાશ પામીશ એમ વિચારતું નથી. દીવાની જ્યોતમાં મસ્ત રહે છે પણ નાશનો વિચાર કરતું નથી. હરણ સંગીતના સ્વરમાં એટલો લીન બને છે કે શિકારીના બાણથી મારું મૃત્યુ થશે એમ વિચારતું નથી. અંતે વિનાશ સર્જે છે. માછલી ભોજનની લાલસાથી, 'કાંટામાં આમિષ છે, તેના તરફ જતાં માછલીનો શિકાર કરનાર તેને લઇ લેશે' એમ વિચારતી નથી પણ ઇન્દ્રિયોના વિષયોમાં રમ્યા કરે છે. શ્રી કુંદકુંદ આચાર્ય પ્રણિત પ્રવચનસારની ચોસઠ ગાથામાં કહ્યું છે,

(હરિગીત)

**વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વાભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો, વ્યાપાર નહિ વિષયો વિષે.**

તેમજ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પંડિત ટોડરમલજી આ જ વાતનો ઉલ્લેખ કરે છે કે, "અજ્ઞાની બાહ્ય ઇન્દ્રિયોના વિષયમાં સુખ માને છે. તેના ગ્રહણની નિરંતર ઇચ્છાથી સદા આકુળવ્યાકુળ રહે છે. આ આકુળતાનું દુઃખ કેટલીક વાર એટલું અસહ્ય લાગે છે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે તો પણ તેની દરકાર કરતો નથી એ બતાવે છે કે મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે લાગે છે. તેથી શ્રી પૂજ્યપાદ આચાર્ય બહિરાત્માને આ બોધ આપે છે.

હવે શબ્દના ભાવને સમજવા વિચારણા કરીએ.

**વિશેષાર્થ :** બહિરાત્માની ઇન્દ્રિયોના વિષયો તરફ કેટલી આસક્તિ છે કે જે વિષયો ઉપકારક પણ નથી છતાં વિષયોની આસક્તિથી મુક્ત થતાં નથી.

(૧) **इन्द्रियार्थेषु आत्मनः क्षेमङ्करं नः**- પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઇ પદાર્થ નથી કે જે આત્માને ઉપકારી હોય, લાભકર્તા હોય, પણ અજ્ઞાની બાળજીવ એ વિષયોમાં રમ્યા કરે છે. પ્રવચનસાર-૭૬ માં આચાર્યશ્રી જણાવે છે -

**सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं ।**
**जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेवं तहा ॥७६॥**

(હરિગીત)

**"પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે."**

તત્ત્વદૃષ્ટિથી જોતા ઇન્દ્રિય સુખ તે ખરેખર સુખ નથી કેમકે તે બંધનું કારણ છે. આકુળતા ઉપજાવનાર છે, વિષમ છે, ક્ષણભંગુર છે, પરાધીન છે, વિઘ્ન સહિત છે. સુખ તો તેને કહેવાય જે આત્માધીન - સ્વાધીન હોય, નિરાકુળ હોય, શાંત હોય, બંધનરહિત હોય, જેમાં અન્ય પદાર્થોની અપેક્ષા ન હોય. આવા સુખને બહિરાત્મા જાણતો નથી તેથી ઇન્દ્રિયોના વિષયોમાં રમ્યા કરે છે. જો સ્વદ્રવ્યને પરથી ભિન્ન જાણીને, સ્વરૂપની પ્રાપ્તિના પ્રયત્નમાં લાગે, ભેદજ્ઞાનનો પુરુષાર્થ આદરે તો અંતરાત્મા બની નિજ સુખને માણી શકે છે.

(૨) बालः अज्ञानभावनात् तत्र एव रमते : બાલ-અજ્ઞાની મિથ્યાત્વના સંસ્કારને કારણે ઇન્દ્રિયોના વિષયોમાં જ રમે છે.

અજ્ઞાની બાલ જીવો મિથ્યાત્વના સંસ્કારને કારણે વિષયાસક્ત રહે છે. કાદવમાં જન્મેલા કાદવમાં રમતાં ભૂંડને કોઇ વૈક્રિયદેવ દયાભાવથી સ્વર્ગમાં લઇ જાય તો પણ તેને ત્યાં સુખ ઉપજતું નથી. તેને કાદવનું સુખ સુખદ લાગે છે. દીર્ઘકાળનો ઇન્દ્રિયસુખનો સંસ્કાર ગમી ગયો છે. હિતકારી ન હોવા છતાં વિષયોમાં જ ખેંચાયા કરે છે. 'આ સર્વ પદાર્થો મારા છે, હું તેમનો છું' એવી એકત્વબુદ્ધિ આત્મશુદ્ધિ તરફ જવા દેતી નથી. ઇન્દ્રિય સુખની ભ્રમણામાં પ્રતિક્ષણે અષ્ટકર્મના દોરડાથી બંધાતો રહે છે, જે લોઢાની સાંકળથી પણ દુઃખદાયક છે પણ સૂક્ષ્મ હોવાથી બહિરાત્માને તેનું ભાન થતું નથી. અશુભના યોગે દુઃખના સંયોગોમાં પણ દુઃખનું મૂળ છે એમ વિચારણામાં આવતું નથી. પરવશતામાં દુઃખ છે તેમ બાળજીવ વિચારી શકતો નથી.

ઇન્દ્રિય સુખનો લોભ મહાવિકાર છે. જેમ જેમ સાધનો મળે તેમ તેમ ઉત્તેજિત થાય છે. તેમાં આત્મહિત શું તેનું ભાન નથી. દર્શનમોહથી, દૃષ્ટિના વિકારથી બહિરાત્માની બુદ્ધિમાં વિકૃતિ આવી ગઇ છે. તેથી મોહપ્રકૃતિને વશ અજ્ઞાન અંધકારમાં અટવાયા કરે છે. માયાના બંધનમાં પડેલો તે જાણતો નથી કે મને મનુષ્યજન્મ મળ્યો છે તે મારા આત્મહિતાર્થે મળ્યો છે. પૂર્વકર્મ પ્રમાણે જન્મ મળ્યો. બાલ્યકાળ અજ્ઞાનમાં પસાર થયું. યુવાનીમાં દીવાની આવી. ધન-યૌવનમાં મસ્ત બની અનંતકર્મો બાંધ્યા. વૃદ્ધત્વ આવ્યું ત્યારે પણ જાગૃત થયો નહિ. ઉપાધિરહિત થયો નહિ. આયુષ્ય પૂરું થતા મોહજનિત સંસ્કારો સાથે અન્ય ગતિમાં ચાલ્યો ગયો. આ બાલ-અજ્ઞાની જીવોની ઘટમાળ છે. હવે મોહરૂપી અજ્ઞાન અંધકારમાંથી બહાર આવ. જાગૃત થા. સંતો, સદ્ગુરુ માર્ગ બતાવે છે. આચાર્યભગવન્તો કરુણા સાથે બહિરાત્માને જાગૃત કરવા પ્રયત્નશીલ છે. ઇન્દ્રિયજન્ય વિષયોથી વિરામ પામ, વિરામ પામ, દુર્લભ એવો આ મનુષ્યજન્મ પુનઃ પુનઃ પ્રાપ્ત નહિ થાય. જ્ઞાની સત્પુરુષો તરફ દૃષ્ટિ કરી આત્મ-અભિમુખ થઇશ તો વિપરીત માર્ગથી મુક્ત થઇ સમ્યક્ પથ ઉપર આવી શકીશ. આવો ઉત્તમ બોધ આપવા છતાં બહિરાત્મા વિષયસુખની વાંછાથી મુક્ત થાય તો અવશ્ય સત્કાર્ય સધાય છે.

પૂ. બેનશ્રી ચંપાબેનની સત્યપરાયણ વાણી લખે છે કે "જેમ અજ્ઞાનીને શરીર તે જ હું, આ શરીર મારું એમ સહજ રહ્યા કરે છે, ગોખવું પડતું નથી, યાદ કરવું પડતું નથી, તેમ જ્ઞાનીને 'જ્ઞાયક તે જ હું, અન્ય કાંઇ મારું નહિ' એવી સહજ પરિણતિ વરત્યા કરે છે, ગોખવું પડતું નથી. યાદ કરવું પડતું નથી. સહજ પુરુષાર્થ વર્ત્યા કરે છે... જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્ય દરબારમાં ઉપયોગને લગાડી દે.

**"ઇન્દ્રિય-વિષયોમાં શું, આત્માને હિતકારી છે ?**
**બાલ તેમાં જ રાચે હા ! માત્ર અજ્ઞાનતા વશે."**

**- પૂ. બ્રહ્મચારીજી**

**संभोग में सुख नहीं कहते मुमुक्षु,**
**मोक्षार्थ योग धरते सब संत भिक्षु ।**
**अज्ञान भाव वश हो वह सर्व काल,**
**संभोग में निरत हो बहिरात्म बाल ॥**

**- પૂ. આચાર્ય વિદ્યાસાગરજી**

ઇન્દ્રિય વિષયે જીવને કાંઇ ન ક્ષેમસ્વરૂપ,
છતાં અવિદ્યાભાવથી, રમણ કરે ત્યાં મૂઢ.

**- શ્રી છોટાલાલ ગાંધી**

(ક્રમશઃ)



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## (૧) અદમ્ય હામ

બ્રિટનમાં એક મોટા વિદ્વાન ડૉક્ટર થોમસ કૂપર એક શબ્દકોશ તૈયાર કરી રહ્યા હતા. જે કામ કોઈ મોટી સંસ્થા જ કરી શકે એવું ભગીરથ કામ તેમણે એકલે હાથે કરવા માંડ્યું હતું.

આ કામ પાછળ તેઓ એવા તો નિમગ્ન બન્યા હતા કે ખાવાપીવાનું ભાન પણ તેમને રહેતું નહોતું. આખો દિવસ એક ખંડમાં બેસીને શબ્દકોશનું કામ કર્યા કરે ! નહિ ક્યાંય હરવાફરવા જવાનું કે નહિ કોઈ મિત્રને મળવા જવાનું !

આ કંઈ એક-બે મહિના કે બેચાર વર્ષનું કામ નહોતું. પૂરાં આઠ વર્ષ આવી મહેનત તેમણે કરી ત્યારે શબ્દકોશ પૂરો થવા આવ્યો.

પણ તેમની પત્નીને આ ગમતું નહોતું. પતિની તબિયત આવી સખત મહેનતથી કથળી જશે એવી સતત ચિંતા પત્નીને રહ્યા કરતી. એક દિવસ તો એને એવી રીસ ચઢી કે પતિ થોમસ ક્યાંક બહાર ગયા હતા એ દરમિયાન, આઠ વર્ષની કાળી મહેનતથી થોમસે તૈયાર કરેલા શબ્દકોશનાં બધા જ પાનાંઓ એણે બાળી નાખ્યાં !

કૂપર બહારથી ઘેર આવ્યા અને જોયું તો એક કાગળ મળે નહિ. તેઓ આ વિશે પૂછે એ પહેલાં તો પત્ની તેમની પાસે આવીને બોલી, "એ બધાં કાગળિયાં મેં બાળી મૂક્યાં છે !" આઠ વર્ષની મહેનતની આવી હોળી કરનાર પત્નીને પતિએ બે કડવા શબ્દો પણ ન કહ્યા, પત્ની પર જરાયે ગુસ્સો પણ કર્યો નહિ !!

કૂપર શાંતિપૂર્વક નવેસરથી કાગળિયાં તૈયાર કરવા બેઠા અને પત્નીને કહેવા લાગ્યા, "કશો વાંધો નહિ. તેં ભલે કાગળિયાં બાળી નાખ્યાં ! આમ છતાં મને એક વાતનો સંતોષ છે કે તું કાગળિયાં બાળી શકી છે, પણ મારામાં શબ્દકોશ પૂરો કરવાની જે હામ છે તેને તું બાળી શકી નથી. તેં જે કંઈ કર્યું તે મારા માટે એક આશીર્વાદરૂપ બની રહ્યું છે, કેમ કે હવે હું શબ્દકોશ પુરો કરવા વધુ આઠ વર્ષ જીવવાનો ! મેં સંકલ્પ કર્યો હતો કે આ શબ્દકોશ જ્યાં સુધી પૂરો થાય નહિ ત્યાં સુધી હું જીવતો રહીશ અને શબ્દકોશ પૂરો કરીશ. તેં આ રીતે મારા આયુમાં આઠ વર્ષનો ઉમેરો કર્યો એ બદલ હું તારો આભાર માનું એટલો ઓછો છે!" પત્ની પતિની આ ધીરજ અને હામ જોઈ જ રહી.

## (૩) વિચિત્ર ચિત્ર

ચિત્રસ્પર્ધામાં જાહેર કરવામાં આવ્યું કે પ્રત્યેક ચિત્રકારે ચિત્ર દોરવું. દિવસો પછી બધા ચિત્રકારો પોતપોતાનું ચિત્ર લઇને આવ્યા. એક ચિત્રકારે પોતાના ચિત્રમાં વિશાળ ખેતરમાં સેંકડો કબૂતરો ચણ ચણતા હોય તેવું ચિત્ર દોર્યું, તો વળી બીજા ચિત્રકારે સ્મશાનનું ચિત્ર દોર્યું. તેમાં એક ચિતા બળતી હતી અને આજુબાજુમાં પાંચછ માણસો લમણા ઉપર હાથ મૂકીને ચિતા નિરખી રહ્યા હતા.

વળી બીજા ચિત્રકારે ચર્ચનું ચિત્ર દોર્યું. શાંતિ... પરમશાંતિ !

બીજા એક ચિત્રકારે નદીનું દૃશ્ય દોર્યું હતું. જાણે ખળખળ નીર વહી રહ્યા હોય અને નદીકિનારે કોઇ સાધક ધ્યાનસ્થ મુદ્રામાં આત્મસાધનામાં લીન હોય !

પણ પ્રથમ ક્રમાંક આવ્યો તેનું ચિત્ર વિચિત્ર હતું. તેના ચિત્રમાં ભયંકર વાવાઝોડાનું દૃશ્ય હતું. આકાશમાં કાળાં કાળાં વાદળાં દોડી રહ્યા હતાં. મધ્યમાં એક મોટો ધોધ વહી રહ્યો હતો. ધોધનો જળપ્રપાત ભયંકર ગર્જના સાથે પડતો હોય તેવું લાગી રહ્યું હતું. વાવાઝોડાના કારણે નાળિયેરી આમથી તેમ ઝુલતી હતી. પણ ... આવા ભયંકર વાતાવરણ વચ્ચે પણ વિશાળ ખડકની ટોચ ઉપર બેઠેલું નાનકડું પંખી સુમધુર ગીત ગાઈ રહ્યું હતું. પોતાના સંગીતમાં તે મસ્ત હતું. આજુબાજુના વાતાવરણથી અસ્પૃષ્ટ પંખી આનંદિત હતું. જીવનના ઝંઝાવાતમાં પણ અનંત શાંતિનો અનુભવ કરી રહ્યું હતું.

# સંસ્થા સંચાલિત 'વિધા-ભક્તિ-આનંદધામ-ગુરુકુળ'
# ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની દ્વિદિવસીય સ્નેહમિલન શિબિર

**(તા. ૨૬-૦૨-૨૦૨૨ થી તા. ૨૭-૦૨-૨૦૨૨)**


દીપ-પ્રાગટ્ય


શિબિરાર્થીઓનું સ્વાગત


પૂજ્ય બહેનશ્રી


બા.બ્ર.સુરેશભૈયા


બા.બ્ર. અલકાદીદી


આદ. કપિલભાઈ શાહ


આદ. કિંજલબેન


આદ. વિજયભાઈ પટેલ

## યોગાસન અને પ્રાણાયામ



## વર્કશોપ





"કૌન બનેગા જ્ઞાનપતિ ?" સ્પર્ધા





સ્વ. ઉષાબેન શેઠને શ્રદ્ધાંજલી

## ઇનામ વિતરણ





## અભિવાદન










## શિષ્યવૃત્તિ અર્પણ



## પ્રતિભાવો

## રમતોત્સવ કાર્યક્રમ







## સાંસ્કૃતિક કાર્યક્રમ



## શિબિરાર્થીઓની સમૂહતસવીર



# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૨૩ મા તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન (ગતાંકથી ચાલુ)

ગણિશ્રી દેવચંદ્રજીએ સ્તવનની પહેલી ચાર કડીમાં પાર્શ્વપ્રભુના ગુણગાન કરતાં પ્રભુના ત્રણ વિશિષ્ટ ગુણોનો પરિચય કરાવ્યો - શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતા. દેવચંદ્રજી જેવા મહાપુરુષો પ્રભુની આવી ભક્તિ પરમ ઉલ્લાસથી તો કરે જ છે, પરંતુ એટલેથી અટકી જતાં નથી. હવે તે ભક્તિના જોરે પરાભક્તિ તરફ વળી પોતામાં પ્રભુ જેવા જ તે ગુણો પ્રગટાવવાનો પુરુષાર્થ આદરે છે અને આત્મશુદ્ધિ વધારતા જાય છે. આવી ભાવદશા દર્શાવતાં હવે તેઓશ્રી પ્રભુના ગુણગાનથી શું થવું જોઈએ અને તેમને શું થયું તે વાત હવે પછીની કડીઓમાં કરે છે તે જોઈએ :

**શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે,**<br>
**પરમ પરમાત્મતા તાસ થાયે;**<br>
**મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,**<br>
**ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સહજ૦૫**

**શબ્દાર્થ :** પ્રભુની શુદ્ધતાનું ચિંતન કરી જે આત્મસ્વભાવમાં રમણતા કરે છે તેને પરમ પરમાત્મદશા પ્રાપ્ત થાય છે. ભેદરત્નત્રયરૂપ મિશ્રભાવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણ ગુણ ભિન્નપણે, ભેદરૂપ છે અને જયારે રત્નત્રયની અભેદતા અર્થાત્ તે ત્રણે ગુણની એકત્વતા સધાય છે ત્યારે પ્રભુ જેવું 'ચરણ'- યથાખ્યાત ચારિત્ર આવે છે. (રમે = રમણતા કરે; તાસ = તે સાધક; મિશ્ર ભાવે = ક્ષાયોપશમિક ભાવે; અછે = છે; ત્રિગુણ = જ્ઞાન, દર્શન, ચારિત્ર; ચરણ = ચારિત્ર, અહીં યથાખ્યાત ચારિત્ર)

**વિશેષાર્થ :** પ્રભુના દર્શન, પૂજન, સેવન અને શુદ્ધતા આદિ ગુણોનું જે ગુણગાન થયું તે દ્વારા પ્રભુ જેવા બનવાનો રસિયો સાધક હવે તે જ શુદ્ધતા આદિ ગુણોની પ્રાપ્તિ માટે તે ગુણોનું એકાગ્રતાપૂર્વક ચિંતન કરે છે, પોતાના વિચારોને અને ભાવોને તેમાં જ રમણતા કરાવે છે. પ્રભુની પૂર્ણ શુદ્ધ દશા જેના આધારે પ્રગટી છે, એવા પ્રભુની ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકસત્તા પર હવે દૃષ્ટિ જાય છે અને પછી ધીમે ધીમે સહજ અંતર્મુખ થતાં **"આત્મભાવે રમે"**- પોતાની આવી જ શુદ્ધ સત્તામાં રમણતા કરવા લાગે છે. આ આખી પ્રક્રિયાને દેવચંદ્રજી બે વિભાગમાં વહેંચે છે:- (૧) પહેલાં મિશ્રભાવે અર્થાત્ ક્ષાયોપશમિક ભાવે થતું સવિકલ્પ ધર્મધ્યાન; જ્યાં પ્રભુનું ધ્યાન, તેમના ગુણોનું ધ્યાન અને જ્ઞાન, દર્શન, ચારિત્ર એ **"ત્રિગુણની ભિન્નતા"**- ત્રણેની ભેદરૂપ સાધના અને પછી (૨) **"ત્રિગુણ એકત્વ"**- ત્રણેની જ્યાં અભેદતા સધાય છે તેવું નિર્વિકલ્પ ધર્મધ્યાન અથવા અભેદ રત્નત્રય અને પછી શુક્લધ્યાનની શ્રેણીએ ચઢતાં **'ત્રિગુણ એકત્વ તુ જ ચરણ આયે'**- તે રત્નત્રયની અભેદતારૂપ પરિપૂર્ણ લીનતા થતાં ક્ષાયિકભાવે યથાખ્યાત ચારિત્ર (ચરણ)ને પ્રાપ્ત કરી તે સાધક 'પરમ પરમાત્મા' થાય છે. જુઓ, પ્રભુભક્તિ અને પ્રભુના ધ્યાનથી શરૂઆત કરી સાધક સ્વયં પ્રભુ બની ગયો ! આ છે પ્રભુનું અને પ્રભુના શુદ્ધતા, એકતા, વીર્યની તીક્ષ્ણતારૂપ ગુણોના અવલંબનનું સામર્થ્ય !

હવે ગણિશ્રી પ્રભુ પાર્શ્વનાથના દર્શનથી થયેલ પોતાના અનુભવો અને ભાવોલ્લાસની વાત કરે છે :

**ઉપશમ રસ ભરી સર્વ જન શંકરી,**<br>
**મૂર્તિ જિનરાજની આજ ભેટી;**<br>
**કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે,**<br>
**તિણે ભવભ્રમણની ભીડ મેટી. સહજ૦૬**

**શબ્દાર્થ :** ઉપશમરસથી ભરેલી, સર્વ જીવ માટે કલ્યાણકારી એવી પાર્શ્વ જિનરાજની મૂર્તિનો આજે મને ભેટો થયો છે. મને શ્રદ્ધા છે કે (યોગ્ય) કારણ

મળવાથી અવશ્ય કાર્યની સિદ્ધ થાય છે અને તેથી મારા ભવભ્રમણનો ભય પણ મટી ગયો. (શંકર = કલ્યાણના કરનાર; શંકરી = કલ્યાણકારી; નિષ્પત્તિ = સિદ્ધ થવું; ભીડ = મુશ્કેલી, ભય; મેટી = મટી ગઇ, સમાપ્ત થઇ)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજીને પાર્શ્વપ્રભુની મૂર્તિમાં જાણે સાક્ષાત્ ભગવાનના દર્શન થઇ રહ્યા છે. કેવી છે આ મૂર્તિ ? "**ઉપશમ રસ ભરી**" - દેવચંદ્રજીને મૂર્તિમાં પણ એવું દૈવત દેખાઇ રહ્યું છે કે તેમાંથી પરમ શાંત ઉપશમ રસ નીતરી રહ્યો છે, જેના દર્શનમાત્રથી સાધકના વિષય-કષાય ઉપશાંત થવા લાગે છે. પ્રભુનો આ ઉપશમ ગુણ એવો છે કે એક નિષ્ણાત અને પ્રભુપ્રેમી શિલ્પી ભગવાનની આંખો અને મુખમુદ્રા ઉપશમ રસથી છલકાતી બતાવી શકે છે. તે મુદ્રાના દર્શન કરતાં આપણી સૂતેલી ચેતના જાગૃત થઇ જાય, જગત ભૂલાઈ જાય અને પરમ શાંતિ તેમજ આહ્‌લાદના અનુભવથી ચેતના અંતર્મુખ થવા લાગે. ક્યારેક આપણે પણ મંદિરમાં એકાંતના સમયે જઇ દેવચંદ્રજીની જેમ મૂર્તિ સામે ત્રાટક કરી તે ઉપશમ રસના ઘૂંટ પીવા જોઇએ, ત્યારે પ્રભુના ખરા દર્શન કર્યા કહેવાશે. દેવચંદ્રજીએ મૂર્તિમાં બીજું શું જોયું ? "**સર્વ જન શંકરી**" - જગતના સર્વ જીવોનું કલ્યાણ કરનારા પ્રભુ જોયા. કઇ રીતે ? પહેલાં તો પ્રભુની શાંત વીતરાગી સ્વરૂપસ્થ મૂર્તિ જોઇને જ સંસારના રાગ-દ્વેષરૂપ દાહથી તપ્તાયમાન જીવ તત્કાલ ચંદનસમ શીતળતા અનુભવે છે. બીજું, પ્રભુ વીતરાગી હોવા છતાં તીર્થંકર હોવાથી પ્રેમ અને કરુણાના સાગર છે, તેથી જેમ સૂર્ય સમસ્ત જગતને બિનશરતી પ્રકાશ આપે છે તેમ પ્રભુના શરણે જે કોઇ જીવ આવે છે તેને નાત-જાતના ભેદભાવ વગર પ્રભુ હિતોપદેશ આપી કલ્યાણ કરે છે. શ્રી ભક્તામર સ્તોત્રમાં જ્યારે એમ કહ્યું કે "પાપો નાસે જગજનતણાં નામ માત્રે તમારાં"- તો પછી પ્રભુદર્શનથી તો કલ્યાણ થાય જ ને ? એટલું જ નહિ, કષાયભાવ શાંત થતાં પુણ્યબંધરૂપ કલ્યાણ અને જો પ્રભુએ બોધેલ તત્ત્વ સમજે તો કલ્યાણની પરંપરા !

આવા 'ઉપશમરસથી ભરપૂર અને સર્વજન શંકરી' ભગવાનના દર્શન થતાં ગણિશ્રી દેવચંદ્રજી બોલી ઊઠે છે કે : "**મૂર્તિ જિનરાજની આ જ ભેટી**" - મને પ્રભુની મૂર્તિનો ભેટો થયો; એટલું જ નહિ, સાક્ષાત્ ભગવાનને પોતે 'ભેટી' રહ્યાં છે એવો ભાવ જાણે અહીં વ્યક્ત થઇ રહ્યો છે. સાચો ભક્ત એ છે કે જે મૂર્તિમાં પથ્થર નહિ પણ પ્રભુ જોઇ શકે છે. આ સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી એક સુંદર સત્ય ઘટના બતાવે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું પાલનપુરમાં ચોમાસું હતું. ત્યારે બપોરે ઘણી ગરમીમાં લોકો પરસેવાથી રેબઝેબ થઇ ખૂબ અકળાઈ જતાં. ભરબપોરે એક નાની બાલિકા મંદિરમાં દર્શનાર્થે આવી, પણ બપોરે મંદિરના ગર્ભગૃહના દ્વાર બંધ રહેતા. તે શ્રી યશોવિજયજી પાસે પહોંચી પૂછે છે કે આટલી ગરમીમાં બંધ દ્વારમાં રહીને ભગવાનને કેવું થતું હશે ! શ્રી યશોવિજયજી તો દિગ્મૂઢ થઇ ગયા કે આ બાલિકા ભગવાનને જીવંત તરીકે જુએ છે અને હું સ્વયં ભૂલી ગયો કે મૂર્તિમાં ભગવાનને જીવંત જોવાના હોય. સ્થાપના નિક્ષેપરૂપે ભગવાનને આ બાલિકાએ મારા ભાવનિક્ષેપમાં પલટાવી દીધો !

શ્રી દેવચંદ્રજી પણ આવા જ ભાવથી દર્શન કરતાં દઢતાપૂર્વક કહે છે, "**કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે**" - હવે મને દઢ શ્રદ્ધા છે કે પ્રભુ દર્શનરૂપ સમર્થ નિમિત્ત કારણ અને મારી પ્રભુભક્તિ, પ્રભુલગની અને પરમાર્થની લગનરૂપ સમર્થ ઉપાદાન કારણનો મેળાપ થયો હોવાથી હવે મોક્ષરૂપી કાર્ય અવશ્ય સિદ્ધ થશે અને "**તિણે ભવભ્રમણની ભીડ મેટી**"- હવે તેથી મારા તેમજ સમસ્ત આત્માર્થી પ્રભુભક્તોના સંસાર પરિભ્રમણરૂપ અનંત દુઃખ અને ભય કાયમને માટે સમાપ્ત થશે, કારણ કે મોક્ષનું અનંત સુખ થોડા વખતમાં પ્રાપ્ત થવાનું છે.

ગણિશ્રી હવે પ્રભુદર્શનનો આ પ્રસંગ કયાં અને કઇ રીતે થયો અને તેથી કેવા સુંદર આત્મ-પરિણામ થયા તેનું વર્ણન કરે છે :

**નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુ દર્શને,**
**વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;**
**હેતુ એકત્વતા રમણ પરિણામથી,**
**સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો. સહજ૦૭**

**શબ્દાર્થ :** ખંભાત નગરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના દર્શનથી મારા રોમેરોમ વિકસ્વર થતાંની સાથે મારા હર્ષ અને ઉત્સાહ અત્યંત વધી ગયા. પ્રભુ સાથે એકત્વતા અને રમણતાના પરિણામથી મેં આજે સાધકપણાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. (નયર = નગર; ખંભાયતે = ખંભાતમાં; વાધ્યો = વધ્યો; હેતુ = કારણ; રમણ = રમણતા, તન્મયતા; સાધ્યો = પ્રાપ્ત થયો).

**વિશેષાર્થ :** તીર્થંકર પ્રભુની પરમ શાંત, વીતરાગી મૂર્તિના દર્શન થતાં કેવા ભાવ થવા જોઇએ તે અહીં શ્રી દેવચંદ્રજી પાસેથી આપણને શીખવા મળે છે. ખંભાત નગરમાં બિરાજતા (સુખસાગર) પાર્શ્વનાથના દર્શનથી દેવચંદ્રજીને ભાવોની હેલી ચડી છે એવી કે તેમના રોમેરોમ વિકસિત થઇ ગયા છે, પુલકિત થઇ ગયા છે, તેમજ હર્ષ અને ઉત્સાહ 'વાધ્યો'- એટલા વધ્યા છે કે આપણને થાય કે ચોક્કસ તેઓશ્રી દેહભાન ભૂલી પ્રભુપ્રેમમાં નાચવા લાગ્યા હશે ! આ હર્ષોલ્લાસથી શું થવા લાગ્યું ? તો કહે છે : "**હેતુ એકત્વતા રમણ પરિણામથી**"- એ હર્ષની હેલી પ્રભુ સાથે ધીમે રહીને એકત્વ થવા લાગી. પછી પ્રભુ જેવું જ મારું સ્વરૂપ છે એવું ભાન થતાં નિજસ્વરૂપ સાથે એકતા અને તેમાં જ નિર્વિકલ્પ રમણતા થવા લાગી અને "**સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો**" - તે નિર્વિકલ્પ પરિણામથી આજે મને યથાર્થ સાધકપણાની સિદ્ધિ થઇ છે; એવું સાધકપણું આજે સાધ્યું, પ્રાપ્ત થયું કે જે હવે શ્રેષ્ઠ મુનિપણારૂપ સાધકપણાથી માંડીને છેક સિદ્ધદશા સુધી મને પહોંચાડશે. દેવચંદ્રજીને 'આજે' જ આમ કેમ થયું ? પ્રભુદર્શન તો રોજ કરતાં હશે. હા, આપણો પણ અનુભવ છે કે રોજ ભક્તિ કરતાં હોઇએ પણ એક દિવસ અચાનક કોઇ અપૂર્વ હર્ષ અને ઉત્સાહમાં ભાવોની ભરતી આવે. દેવચંદ્રજીને તે દિવસની પ્રભુભક્તિએ કોઇ અનેરી સ્વાત્મોપલબ્ધિ કરાવી છે અને તેથી કહે છે : "સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો." - જાણે કહેતાં હોય કે આજે મેં સાચી જિનભક્તિ કરી, આજે સાચું જિનશરણ લીધું અને આજે નિર્વિકલ્પ સમાધિમાં કંઇક અપૂર્વ ઊંડાણ આવ્યું ! દેવચંદ્રજીના દૃઢ આત્મવિશ્વાસના અહીં દર્શન થાય છે અને હવે અંતિમ કડીમાં તેઓ કેવી ધન્યતા અનુભવી રહ્યા છે તે દર્શાવે છેઃ-

**આજ કૃતપુણ્ય ધન્ય દિહ માહરો થયો,**
**આજ નરજન્મ મેં સફલ ભાવ્યો;**
**દેવચંદ્ર સ્વામી ત્રેવીસમો વંદીઓ,**
**ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સહજ૦૮**

**શબ્દાર્થ :** દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જવળ એવા ત્રેવીસમાં તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુને વંદન કરીને, ભક્તિસભર ચિત્તને તેમના ગુણોમાં રમાવીને આજે મારો મહાન પુણ્યોદય થયો અને મારો આજનો દિવસ પણ ધન્ય થઇ ગયો છે; એટલું જ નહિ પણ આજે જ મારો આ મનુષ્યજન્મ ખરેખર સફળ થયો એવું મને લાગે છે. (કૃતપુણ્ય = પુણ્યોદય; દિહ = દિવસ; રમાવ્યો = રમણતા કરી)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી હવે અંતમાં કોઇપણ અતિશયોક્તિ વગર પોતે જે કૃતકૃત્યતા અને ધન્યતા અનુભવી રહ્યા છે તેનો તાદૃશ ચિતાર આપી રહ્યા છે. કહે છે કે પાર્શ્વપ્રભુની 'ઉપશમરસભરી' અનન્ય મૂર્તિના દર્શન કરીને મને જે પ્રભુભક્તિનો ઉલ્લાસ અને ઉમળકો આવ્યો છે તે મારા મહત્ પુણ્યનો જ ઉદય નહીં તો બીજું શું ? લૌકિક પુણ્ય તો સંસારના ક્ષણિક સુખ આપે પણ આ તો પુણ્યાનુબંધી પુણ્ય જે મને પ્રભુની વધુ ને વધુ નજીક લઇ જઇ અંતે પુણ્યથી પણ પાર કરાવી નિજપ્રભુ સાથે એકત્વ કરાવે છે. આજે પ્રભુએ મારા ઉપર અનંત કૃપાના એવા અમીછાંટણા કર્યા છે કે અંતરમાં આત્મજ્ઞાનનો સૂર્યોદય થતાં મારો આજનો દિવસ ધન્ય થઇ ગયો. પ્રભુભક્તિથી પ્રભુમય થવામાં જ આ નરજન્મની સફળતા છે અને એવી જ સફળતાનો હું આજે અનુભવ કરી રહ્યો છું અને મારી આ સફળતામાં સર્વોત્તમ પ્રેરણાદાતા એવા દેવોમાં ચંદ્ર સમાન મારા સ્વામી ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથને અત્યંત ભક્તિભાવે ત્રિયોગે વંદન કરું છું અને ભક્તિસભર ચિત્તને તેમના ગુણોમાં નિરંતર રમણતા કરાવી, તે સર્વ ગુણો મારામાં પ્રગટાવી એક દિવસ પ્રભુ જેવો થઇ સિદ્ધપદે સ્થિત થઇશ એવો મને વિશ્વાસ છે !

ગણિશ્રી દેવચંદ્રજીના સ્તવનના આ ભાવોમાં જે શ્રદ્ધા અને આત્મવિશ્વાસનો રણકો છે તે આપણા સૌ માટે આદર્શરૂપ છે. ગણિશ્રીએ પ્રભુના જે ત્રણ ગુણોનું પહેલી ચાર કડીમાં ગાન કર્યું - શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતા - આ ત્રણ ગુણોની વિશિષ્ટતા એ છે કે તેમાં કોઇને કોઇ ખામી રહી જવાથી આ જીવ મોક્ષમાર્ગે અટકી જાય છે. યથાર્થ જ્ઞાનરૂપ 'શુદ્ધતા' દેવચંદ્રજીએ કહી. વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન ન હોય એટલે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દોમાં 'પદાર્થનો અનિર્ણય' તે બાધારૂપ બને છે. એકતા અર્થાત્ લીનતા. તેના વગર ગ્રંથિભેદ થતો નથી અને વીર્યની તીક્ષ્ણતાના અભાવમાં જીવ ગ્રંથિભેદ (આત્મજ્ઞાન) ની નજીક આવીને ઢીલો પડી જાય છે. પાર્શ્વપ્રભુ આ ત્રણ ગુણની અવિરત સાધનાથી પ્રભુતાને પામ્યા એમ કહી ગણિશ્રીએ પ્રભુના ગુણગાન કરતાં આ ત્રણ ગુણોનું માહાત્મ્ય બતાવ્યું. આપણે પણ દેવચંદ્રજીની જેમ ઉલ્લાસપૂર્ણ ભક્તિ કરી આ ત્રણ ગુણોના સમન્વયરૂપ સાધના કરીએ તો અવશ્ય દેવચંદ્રપદ પામીએ એવો વિશ્વાસ દેવચંદ્રજીએ પોતાની પ્રભુભક્તિ અને આત્મવિશ્વાસથી અપાવ્યો તે માટે તેઓશ્રીને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. સ્તવનના અર્થ, વિશેષાર્થમાં મારી અલ્પજ્ઞતાવશ કંઈપણ ઓછું, અધિક કે વિપરીત લખાયું હોય તો દેવગુરુધર્મની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ

## ગ્રંથ-પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી.)

[૧] **પુસ્તકનું નામ : आराध्य सूत्र ( हिन्दी )**

**સંપાદન :** પૂજ્ય મુનિશ્રી ૧૦૮ નિર્દોષસાગરજી તથા પૂજ્ય મુનિશ્રી ૧૦૮ નિર્લોભસાગરજી

**આવૃત્તિ :** ઓગસ્ટ ૨૦૨૧ **મૂલ્ય :** સ્વાધ્યાય **પાના :** ૪૧૬

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી દિગંબર જૈન શાંતિનિકેતન ઉદાસીન આશ્રમ, ઈસરી (ઝારખંડ) (મો) ૮૯૬૯૧૬૬૯૧૯ (૨) સાહિત્યાચાર્ય પં. પન્નાલાલ જૈન સંસ્થાન, જબલપુર (મ.પ્ર.) (મો) ૯૮૨૬૧૪૪૬૫૪

આકર્ષક મુખપૃષ્ઠ અને સારા કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં જીવનની ઉન્નતિના સૂત્રો, સૂક્તિઓ, સુવિચારોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. રચના ખૂબ સુંદર છે. થોડા ઉદાહરણ જોઈએ - (૧) सबसे सुंदर एक, जिसका नाम विवेक (२) याचना नहीं, अर्चना करो (३) यश हो, परवश न हो (४) अहं से बढ़कर पाप नहीं, रहम से बढ़कर धर्म नहीं (५) लड़के व्यसनमें, परिवार टेन्शन में।

[૨] **પુસ્તકનું નામ :** સંયમ **સંપાદન :** શ્રી ગુણવંત બરવાળિયા

**આવૃત્તિ :** પ્રથમ, જાન્યુ. ૨૦૨૨ **મૂલ્ય :** રૂા. ૨૫૦/- **પાના :** ૩૨૫

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :** શ્રી અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર સંચાલિત SKPG જૈન સેન્ટર, ૭૧૬ ગોલ્ડ ક્રેસ્ટ, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ) મુંબઇ (મો) ૯૮૨૦૨૧૫૫૪૨

આ પુસ્તકમાં રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મ.સા. ના શુભાશીર્વાદથી જૈન સાહિત્ય જ્ઞાનસત્ર - ૨૨ અંતર્ગત 'સંયમ' વિષયના આધારે અનેક વિદ્વાનોનાં શોધપત્રો ગ્રંથસ્થ કરીને પ્રસ્તુત કરવામાં આવ્યા છે. વિદ્વાનોએ વિવિધ દૃષ્ટિકોણને ધ્યાનમાં લઈને 'સંયમ' વિષય પર પ્રકાશ પાડ્યો છે.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૨૩)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## અષ્ટ પ્રાતિહાર્ય : ૫. સિંહાસન

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

श्यामं गभीरगिरमुज्ज्वल हेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखंडिनस्त्वाम् ।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥२३॥

● **અન્વયાર્થ** :

भव्य शिखंडिनः इह उज्ज्वल हेमरत्न सिंहासनस्थं गभीरगिरं श्यामं त्वां रभसेन आलोकयंति चामीकर अद्रि शिरसी उच्चैः नदंतं नव अंबुवाहं इव ॥

● **શબ્દાર્થ : श्यामं** - શ્યામ, **गभीरगिरम्** - ગંભીર દિવ્યધ્વનિ કરનાર, **उज्ज्वल** - નિર્મળ, શ્વેત, **हेमरत्न** - સુવર્ણમય અને રત્નોથી જડિત, **सिंहासनस्थ** - સિંહાસન ઉપર બેઠેલ, **इह** - અહીં, સમવસરણમાં, **त्वाम्** - આપને, **भव्यशिखंडिनः** - ભવ્ય જીવરૂપી મયુરો, **आलोकयन्ति** - નિહાળે છે, જુએ છે, **रभसेन** - અત્યંત આતુરતાથી, ઉત્સુકતાથી, **उच्चैः नदंतम्** - જોરથી ગર્જના કરતાં, **चामीकर अद्रि शिरसि** - સુવર્ણમય મેરુપર્વતના શિખર ઉપર, **नवाम्बुवाहम्** - નવીન વર્ષાકાલીન મેઘને, **इव** - જેમ.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ** :

(હરિગીત)

**સુવર્ણ રત્નોથી બનેલાં ઊજળા સિંહાસને,**
**ગંભીર વાણી વાનરૂપે શ્યામ સ્વામી આપને;**
**ઉત્સુક થઈને ભવ્યજનરૂપી મયૂરો નીરખે,**
**મેરુ શિરે અતિ ગર્જતા નવમેઘસમ પ્રીતિવડે. (૨૩)**

(મંદાક્રાંતા)

**કાળા એવા મધુર રવના સ્વર્ણ રત્ને રચેલા,**
**એવા સિંહાસન પર તને ભવ્ય મોરો પહેલાં;**
**દેખે હર્ષે અતિશયપણે આપને નાથ તોય,**
**જાણે મેરુ શિખર પરનો એ નવો મેઘ હોય? (૨૩)**

● **ભાવાર્થ** : હે નાથ ! જેમ સુવર્ણમય મેરુપર્વતના શિખર ઉપર ખૂબ ગર્જના કરતા મેઘને મયૂર અત્યંત આતુરતાથી જુએ, તેમ આપ રત્નજડિત સોનાના ઉજ્જવલ સિંહાસન ઉપર બિરાજીને ગંભીર દિવ્યધ્વનિ વડે દેશના આપો છો ત્યારે ભવ્યજીવોરૂપી મયૂરો શ્યામલ વર્ણવાળા આપને ઘણી જ ઉત્સુકતાથી જુએ છે.

● **વિશેષાર્થ / પરમાર્થ** : શ્રી જિનેશ્વરદેવ અશોકવૃક્ષ નીચે મણિમય સિંહાસન પર બેસીને ઉપદેશ આપે છે. આ પ્રાતિહાર્ય સિંહાસનથી પ્રભુની વિશેષતા બતાવી છે. જ્યારે ભગવંત દેશના આપે છે ત્યારે તેઓ દેવો-રચિત સુવર્ણના સિંહાસન પર બિરાજે છે. આ તેમના સાતિશય પુણ્યોદયથી પ્રાપ્ત અતિશયનો પ્રભાવ છે. પ્રભુ અશોકવૃક્ષને પ્રદક્ષિણા દઈ, પૂર્વાભિમુખ થઈ સિંહાસન પર આરૂઢ થાય છે. દેવો ચારે દિશામાં ચાર સિંહાસનો અને પ્રભુ સિવાયની ત્રણ દિશાઓમાં તેમની પ્રતિકૃતિ રચે છે (વૈક્રિય લબ્ધિથી). તેથી સમોસરણમાં સર્વ જીવને ચારે દિશામાં પ્રભુનું દર્શન થાય છે અને દિવ્ય દેશના શ્રવણ કરે છે. દરેકને પ્રભુનું મુખ દેખાય છે. પ્રભુ તો ભાવથી અને શરીરથી નિર્લેપ છે અને પોતાના આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે.

જેમ નવીન વરસાદને દેખીને મોરલા નાચી ઊઠે તેમ આપને દેખીને ભવ્ય જીવોનું ચિત્ત પ્રસન્નતાથી ખીલી ઊઠે છે. સમવસરણની વચ્ચે મણિરત્નોથી જડેલું દૈવી સિંહાસન છે, તેના ઉપર ગંધકુટિરૂપ કમળની રચના છે, તેની શોભા અદ્‌ભૂત છે. તે કમળ ઉપર ભગવાન બિરાજતા હોવાથી તેને 'કમલાસન' પણ કહેવાય છે. આશ્ચર્યની વાત એ છે કે ભગવાન તો એ દિવ્ય સિંહાસનને કે ગંધકુટિને સ્પર્શ્યા વગર, તેનાથી અલિપ્ત ચાર આંગળ ઊંચે

આકાશમાં નિરાલંબીપણે બિરાજે છે. તીર્થંકરદેવના આત્માની પૂર્ણ પવિત્રતા સાથેના પુણ્ય પણ અત્યંત આશ્ચર્યકારી હોય છે. તેમની આસપાસ સિંહાસન આદિ દિવ્ય વૈભવોની રચના સાતિશય પુણ્યયોગે તીર્થંકર નામકર્મના પ્રભાવથી થઇ જાય છે.

અહો પરમાત્મા ! આવા ઉત્કૃષ્ટ પુણ્યફળનો પરિપાક અને તેની વચ્ચે પણ આપ સાવ અલિપ્ત ! આવી અદ્‌ભુત વીતરાગતા તો આપનામાં જ શોભે છે. આપની એટલે કે શુદ્ધાત્માની સમીપમાં અમારા અંતરમાં પણ વીતરાગતા જાગી ઊઠે છે. પારસમણિનો સ્પર્શ તો લોઢાને માત્ર સોનું બનાવે છે (અને તે પણ લોઢામાં કાટ ન હોય તો) પણ તેને પોતાના જેવો પારસ ન બનાવે. ત્યારે હે પ્રભો ! આપનો સ્પર્શ (અનુભવ) તો અમને ય આપના જેવા પરમાત્મા બનાવી દે છે.

હે દેવ ! અમને પરમાત્માપણું આપનાર આપ મહાન દાતા છો. પ્રભુ ! આપને દેખતા અને આપનું ધ્યાન કરતા કરતા અમે પણ આપના જેવા બની જઇશું. ભગવાનનો ભક્ત પોતે ભગવાન બની જાય છે. આ જિનશાસનની બલિહારી છે.

પ્રભુ ! સિંહાસનને અડીને તમે નથી બેસતા, તેનાથી અધ્ધર અલિપ્ત બિરાજો છો. જે રાજસિંહાસનને આપે છોડ્યું તે આપની પાછળ આવ્યું, ભલે રાજસિંહાસનને બદલે દેવસિંહાસન આવ્યું. પરંતુ તમે તો પુણ્યને અને તેના ફળને આદરતા નથી, અને એ રીતે પુણ્યરાગનું હેયપણું પ્રસિદ્ધ કરી રહ્યા છો. રાગ એ આતમરામને બેસવાનું પદ નથી, આતમરામને બેસવાનું સિંહાસન તો શુદ્ધ ચૈતન્યનું બનેલું છે. શુદ્ધ ચૈતન્યરૂપ નિજપદમાં હે જીવો ! તમે આરૂઢ થાઓ ને રાગથી અલિપ્ત રહો એમ ભગવાન દર્શાવે છે. તે રાગ-પુણ્યના ફળ ભલે સંસારના છેડા સુધી આત્માની પાછળ પાછળ આવે પણ મોક્ષમાં તેનો પ્રવેશ નથી, કેમ કે તે આત્માનું નિજપદ નથી.

નિશ્ચયથી જોઇએ તો આત્મા માટે યથાર્થ આસન તો આત્મા પોતે જ છે. તેથી મહાન આચાર્ય અમિતગતિજી તેમના 'સામાયિક પાઠ' માં કહે છે :

**હું માગતો નહિ કોઇ આસન, દર્ભ પથ્થર કાષ્ઠનું,**
**મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું,**
**આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,**
**અણમૂલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો.**

(અમિતગતિ સામાયિક-૨૨)

વીતરાગતાની ભાવનાથી ભક્ત કહે છે કે હે દેવ ! આપની શોભા કાંઇ એ દિવ્ય સિંહાસનને લીધે નથી. ઊલટું આપની નિકટતાને લીધે તે સિંહાસનની શોભા છે. અમને સિંહાસનનો મહિમા નથી લાગતો, અમને તો સિંહાસનથી અલિપ્ત એવા આપની વીતરાગતાનો ને સર્વજ્ઞતાનો મહિમા ભાસે છે. આમ, ભક્ત સર્વત્ર ભગવાનના મહિમાને જ દેખે છે.

આ શ્લોકમાં સિદ્ધસેન દિવાકરસૂરિજીએ સુંદર ઉપમા આપેલ છે : (૧) પ્રભુના સુવર્ણ રત્નના સિંહાસનને સુવર્ણગિરિની, મેરુપર્વતની ઉપમા આપી છે. (૨) પ્રભુને મેઘની ઉપમા આપી છે. (૩) પ્રભુની ગંભીર વાણીને મેઘની ગર્જનાની ઉપમા આપી છે અને (૪) ભવ્યજીવોને મોરની ઉપમા આપી છે.

જૈન સાહિત્યમાં દેવાધિદેવ તીર્થંકરોના વર્ણનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જ્યાં પણ તીર્થંકર ભગવાનનું નામ આવે છે ત્યાં તેની સાથે સાથે તેઓના વર્ણની ખૂબ શ્રદ્ધાપૂર્વક અભિવ્યક્તિ કરવામાં આવે છે. પુણ્યના યોગથી મળેલા શ્યામવર્ણને શ્રેષ્ઠવર્ણ માનવામાં આવે છે. ભગવાન રામ અને કૃષ્ણ બન્ને શ્યામ વર્ણવાળા પણ ભવ્યાતિભવ્ય સુંદર હતા.

વર્તમાન અવસર્પિણીકાળના ૨૪ જિનેશ્વરોમાં પદ્મપ્રભ અને વાસુપૂજ્ય સ્વામીના દેહનો વર્ણ રાતો (લાલ) હતો, ચંદ્રપ્રભુ અને સુવિધિનાથના દેહનો વર્ણ શ્વેત હતો, મલ્લિનાથ અને પાર્શ્વનાથના શરીરનો રંગ નીલો હતો, મુનિસુવ્રત અને અરિષ્ટનેમિ (નેમિનાથ) ના શરીરનો રંગ શ્યામ હતો અને બાકીના ૧૬ તીર્થંકરોના શરીરનો રંગ સુવર્ણ જેવો પીળો હતો.

પ્રભુ કેવા છે ? **શ્યામ** એટલે શ્યામ - લીલા

વર્ણવાળા છે. લોકરૂઢિમાં 'શ્યામ' શબ્દ કાળા રંગના અર્થમાં વપરાય છે. કવિઓના વ્યવહારમાં 'શ્યામ' અને 'નીલ' એકાર્થવાચક છે. 'શ્યામ' શબ્દ કાળા ઉપરાંત લીલા અર્થને પણ જણાવે છે અને 'નીલ' શબ્દ લીલા ઉપરાંત કાળા અર્થને પણ જણાવે છે. જ્યારે જે અર્થ ઘટતો હોય ત્યારે તે અર્થ કરી શકાય. જો કે પ્રભુનો વર્ણ નીલો છે, પણ તે ઉપર અશોકવૃક્ષ છે, ઉજ્જવલ શુભ્ર સિંહાસન છે તેથી ઘાટા નીલા એટલે શ્યામલ દેખાય છે.

પરમાત્માનાં દર્શન મહાભાગ્યશાળી જીવોને જ થાય છે અને તેની દેશના સાંભળવાનું સદ્‌ભાગ્ય તો હળુકર્મી આત્માઓ જ પ્રાપ્ત કરે છે. તીર્થંકર ભગવંતોના દર્શનથી અને દેશનાથી અનેક ભવ્ય જીવોના મનના મોરલાઓ નાચી ઉઠ્યાના આગમમાં ઠેર ઠેર દૃષ્ટાંતો છે. ચોવીસે જિનના ૧૪૫૨ ગણધરો તેના ઉત્કૃષ્ટ ઉદાહરણ રૂપે છે.

મલ્લિકુંવરી અને ૬ રાજાઓ કે જે પછી ૧૯ મા તીર્થંકર મલ્લિનાથ પ્રભુ અને તેમના છ ગણધરો બને છે. તેમનો આ ભવનો અને પૂર્વભવના મહાબળરાજા અને છ મિત્રોનો અધિકાર ચિંતવવા જેવો છે. પૂર્વભવના ઋણાનુબંધના કારણે છએ રાજાઓ મલ્લિકુંવરીના રૂપમાં આસક્ત બને છે અને મલ્લિકુંવરીને મેળવવા માટે યુદ્ધ કરવા પણ તૈયાર થઈ જાય છે. મલ્લિકુંવરી હજી તો તીર્થંકર બન્યા પણ નથી છતાં બોધદાયી સુયુક્તિથી દેહના રૂપને જોવાને બદલે આત્મસ્વરૂપની ઓળખાણ કરાવીને પરમાર્થમાર્ગે વાળે છે. પરિણામે મલ્લિકુંવરીના પોતે નાથ (પતિ) બનવાને બદલે છ એ રાજા મલ્લિકુંવરીને પોતાના 'નાથ' (સ્વામી, ગુરુ, તારક) બનાવી દે છે. પોતાની જાતને મલ્લિનાથ પ્રભુના ચરણે સંપૂર્ણ સમર્પણ કરી દે છે અને પોતાના અહંભાવનું, કષાયોનું સંપૂર્ણ વિસર્જન કરી તીર્થંકર પ્રભુના અવલંબને પોતાના આત્માનું પરમ કલ્યાણ સાધીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે.

ભગવાનનું આસન મેરુપર્વતની જેમ સુવર્ણનું બનેલું હોય છે. મેરુપર્વત ઉપર પાણીથી ભરેલા વાદળાઓ વિધવિધ પ્રકારે ગર્જના કરે છે તે પ્રમાણે મેઘ સમાન શ્યામવર્ણા પાર્શ્વનાથ પ્રભુ સિંહાસન પર બેસીને દેશના આપે છે. મેઘની ગર્જના અને ગડગડાટમાં વિવિધતા હોય છે, તેમ પ્રભુના ઉપદેશમાં અનંત નય નિક્ષેપોને કારણે ઘણી વિવિધતા હોય છે. મેરુપર્વત પરના શ્યામરંગી વાદળોને મયૂરો અત્યંત ઉત્સુકતાથી જુએ છે કે ક્યારે મેહ વરસે અને ક્યારે તેના અમૃત સ્વરૂપ જળબિંદુઓનું પાન કરીએ. ભવ્યજનોરૂપી મયૂરો એવી જ ઉત્સુકતાથી પ્રભુજીને નિરખે છે કે ક્યારે બોધ વરસે અને ક્યારે તે ગ્રહણ કરી ઉચ્ચ આત્મદશાએ પહોંચીએ. ગતવર્ષમાં વરસીને ધોળા રૂ જેવા બનેલા ખાલી વાદળો પ્રતિ મયૂરો મીટ માંડતાં નથી. એ જ રીતે ભવ્યજીવો વર્તમાને ધર્મ સ્થાપનાર તીર્થંકર પ્રભુ અરિહંતદેવ કે જેઓએ હાલ કેવળજ્ઞાન પ્રગટાવીને પૂર્વે નિબંધન કરેલા કલ્યાણ કરવાના ભાવને ("સવ્વી જીવ કરું શાસનરસી") અમલમાં મૂકેલ છે, એવા પ્રભુ પ્રત્યે આશાભરી મીટ માંડી છે. નહિ કે પૂર્વે તીર્થ પ્રવર્તાવી સર્વ ઘાતી-અઘાતી કર્મોનો નાશ કરી સિદ્ધ થયા છે તેમને. આમ, નવીન મેઘ અર્થાત્ વર્તમાન તીર્થપતિ એ ખૂબ જ સૂચક રીતે સમજવા યોગ્ય છે.

પક્ષીઓમાં મોર અલૌકિક રૂપ-રંગ-ધ્વનિનો ધારક છે. મોર પક્ષીઓ વર્ષાઋતુના ખૂબ જ ચાહક હોય છે. એ જ્યારે આકાશમાં પાણીથી ભરેલાં વાદળાં દેખે છે ત્યારે તેના દર્શન માત્રથી આનંદિત થઇ 'ટેહૂંક', 'ટેહૂંક' નાદથી વન-ઉપવનને ઉલ્લાસથી ભરી દે છે. પાર્શ્વપ્રભુ પણ અનેકને તૃપ્ત કરનાર મેઘ સમાન છે. પ્રભુજીએ કેવળજ્ઞાનથી જ્ઞાનભંડાર પોતામાં પ્રગટાવ્યો છે. એ જ્ઞાનામૃતનો લાભ લેવા જે કોઇ જીવ ઇચ્છે તેને તે લાભ આપવા પ્રવૃત્ત બન્યા છે. મેઘ જેમ પાણીથી ભરપૂર હોઇને ગર્જના કરે છે, તેમ પ્રભુજી જ્ઞાનામૃતથી ભરપૂર બની દેશના પ્રકાશે છે.

પાણીથી જેમ દેહની તૃષા છીપે છે તેમ પ્રભુની દિવ્ય જ્ઞાનવાણીથી આત્માની તૃષા છીપે છે. વરસાદનું પાણી ઝીલી તૃપ્ત થનાર જેમ મોર છે, એમ દિવ્યવાણી ઝીલી તૃપ્ત થનાર ભવ્યજીવો

**(અનુસંધાન પાના નં. ૮ ૫૨)**

# આત્મજાગૃતિનો અભ્યાસ (ભાગ-૩)

**રમેશભાઈ કાંતિલાલ ખંધાર**

ગયા અંકમાં આસ્રવ-બંધની પ્રક્રિયા, બંધ-અનુબંધની આંશિક સમજણ અને ભાવપલટા વિષે ચર્ચા-વિચારણા કરી હતી. આ લેખમાં અનુબંધની આધારશિલા, ઉદયકર્મને પ્રદેશોદયથી વેદી લેવા અને અધ્યાત્મમાં નિર્વેદ-સંવેગની અનિવાર્યતા વિષે વિચારણા કરીશું.

**અનુબંધની આધારશિલા :** કષાયભાવ મનમાં ઉત્પન્ન થાય છે અને તેની અસર વાણી અને દેહ પર પડે છે. કષાયભાવો માનસિક લાગણી છે તેથી તેને સમજણ દ્વારા અને દૃઢ સંકલ્પ દ્વારા મર્યાદામાં લાવી શકાય છે. તેવી રીતે કામવાસનાની લાગણીને પણ સમજણ દ્વારા, આત્મવિચારે કરી પરવસ્તુની તુચ્છતા સમજી, અદૃષ્ટ ફળનો વિચાર કરી મર્યાદામાં લાવી શકાય છે. હેય-ઉપાદેયનો વિવેક તે શુભ અનુબંધની આધારશિલા છે. બંધ કરતા અનુબંધની અગત્યતા ઘણી વધારે છે. રાગદ્વેષરૂપ ચારિત્રમોહનો બંધ સંસારમાં રખડાવતો નથી. ચારિત્રમોહ તો જ્ઞાનીને પણ હોય છે. જ્ઞાનીને અંતરપરિણતિમાં સ્વ-પરનો વિવેક હોય છે તેથી શુભાશુભ ભાવથી થતા બંધને શુભ અનુબંધ પડે છે, પુણ્યનો અનુબંધ પડે છે. જ્ઞાનીને શુભાશુભ કર્મના ઉદય વખતે પણ સદ્‌બુદ્ધિ ટકી રહે છે, હેય-ઉપાદેયનો વિવેક જળવાઈ રહે છે. અજ્ઞાનીને હેય-ઉપાદેયનો વિવેક નથી હોતો તેથી ગમે તેટલી શુભક્રિયા કરતી વખતે પણ પાપનો અનુબંધ પડે છે. અશુભ અનુબંધથી અનંત સંસારના અનુબંધરૂપ જોડાણ-શૃંખલા એ જ પ્રકારની ચાલુ રહે છે. સાંસારિક ઈચ્છા વિવેકનો કાળદેવતા છે. ઈચ્છાનું મૂળ કારણ શું છે ? ક્રોધાદિ કષાય માનસિક ભૂખના પરિણામરૂપ છે. તે માનસિક ભૂખનું કારણ ઈચ્છા પ્રમાણે ન થયું તે છે. ઈચ્છા થવાનું કારણ 'હું દેહાદિ સ્વરૂપ છું' એ મિથ્યા અભિપ્રાયરૂપ અજ્ઞાન છે. દર્શનમોહ છે, દૃષ્ટિની વિપરીતતા છે. દેહાધ્યાસને લઈને દેહને અનુકૂળ પદાર્થોમાં ઈષ્ટપણું અને પ્રતિકૂળ પદાર્થોમાં અનિષ્ટપણું થયા કરે છે અને ઈષ્ટની પ્રાપ્તિની અને અનિષ્ટની નિવૃત્તિની ઈચ્છાનો જન્મ થયા કરે છે.

ઈચ્છા પણ મન જ કરે છે. જ્યાં સુધી દેહાધ્યાસ છે, દર્શનમોહના પરિણામ છે, સ્વસ્વરૂપનું અજ્ઞાન વર્તે છે ત્યાં સુધી ઈચ્છાઓ ઉત્પન્ન થયા કરશે. તેથી જ્ઞાનીઓએ ઈચ્છાનિરોધને વાસ્તવિક તપ કહેલ છે. ઈચ્છાનિરોધ એ મનની નિરાબાધ મનોવૃત્તિ છે. ઈચ્છા છે ત્યાં સુધી મનમાં સંક્લેશ પરિણામો થયા કરશે. કોઈપણ પ્રકારની નિઃસ્વાર્થભાવે કરેલી સાંસારિક ક્રિયા બાધારૂપ નથી પણ તે ક્રિયા કરવાની ઈચ્છા આત્મજાગૃતિને બાધારૂપ છે. જીવ ઈચ્છાપૂર્વકની ક્રિયાનો કર્તા બને છે. ચારિત્રની વિકારી પર્યાયરૂપ સાંસારિક ઈચ્છાના મૂળમાં મિથ્યાદર્શનનો સદ્‌ભાવ હોય છે તેથી સ્વ-પરનો વિવેક નથી રહેતો.

તત્ત્વવિચારના ઊંડાણમાં જઈ અપક્ષપાતપણે વિચાર કરતા જણાશે કે ભૌતિક જગતમાંથી સુખ મેળવવાના પ્રયત્નો તો રેતીમાંથી તેલ, પથ્થરમાંથી લોહી, પશ્ચિમદિશામાં દોડીને પૂર્વદિશાની પ્રાપ્તિ, અંધકારમાં પ્રકાશની શોધ કરવી અને ઝેર પી ને અમર થવાના નિષ્ફળ પ્રયત્નો છે. અર્થાત્ ભૌતિક સુખની ઈચ્છામાં સ્વરૂપ વિશેની અભિપ્રાયની ભૂલરૂપ દૃષ્ટિદોષની મુખ્યતા હોય છે.

અભિપ્રાયની ભૂલ જેટલા અંશે ટળે તેટલા અંશે અશુભ (પાપનો) અનુબંધ શિથિલ થતો જાય. જીવનો અશુભ અનુબંધ તીવ્ર છે તો જીવનો પુરુષાર્થ અવળો જ પડશે. ઉદયના પ્રવાહમાં તણાઈ જશે. અશુભ અનુબંધ મંદ હશે તો જ ઉદયપ્રસંગે નિર્લેપ રહેવાનો પુરુષાર્થ કરી શકાય છે. પાછા વળવાના અભ્યાસરૂપ 'શમ' ગુણનો અભ્યાસ થઈ શકે. દર્શનમોહની મંદતા થયે અશુભ અનુબંધ મોળો પડે

છે અને જીવ દ્રવ્યાનુયોગ સમજવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. 'સત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના અને ગુણજિજ્ઞાસા એ (દર્શનમોહનો) અનુબંધ ઘટવાના કારણો છે, ઉપાય છે.'

**અંતર્મુખતાની સાધનાનું મૂળ શુભ અનુબંધ છે, સ્વ-પરનો વિવેક છે :** શુભાશુભ ક્રિયા વખતે અંતરંગપરિણતિ અનુસાર અનુબંધ પડે છે. સમકિતીના કર્તવ્ય-ફરજરૂપ વ્યવહારના કાળે પણ સમ્યક્ અંતરંગ પરિણતીને લીધે નિશ્ચયથી ધર્મપુરુષાર્થ થતો રહે છે. જ્ઞાની અને સમ્યક્ત્વસન્મુખ જીવ આત્મિક પુરુષાર્થ વડે પૂર્વના અનુબંધમાં પણ ફેરફાર કરી શકે છે. તેથી કોઇ પણ શુભાશુભ આસ્રવ વખતે દ્રષ્ટિ તો અનુબંધ પર જ હોવી ઘટે. આત્મચિંતન, સ્વદોષનિરીક્ષણ, આલોચના, પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન વગેરે આંતરક્રિયા વડે અનુબંધમાં ફેરફાર કે શિથિલ કરી શકાય છે. તેથી જ તેને અંતર્મુખતાની સાધના કહેવાય છે. અનુબંધમાં ફેરફાર કરવો એનો વાસ્તવિક અર્થ અનાદિની વૃત્તિઓમાં-સંસ્કારમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયા છે. અવગુણોની હાનિ થાય છે અને આત્માના ગુણોનો વિકાસ થાય છે.

શુભ અનુબંધથી આત્માના ગુણોનો વિકાસ પણ સાનુબંધ હોય છે. ભવાંતરમાં પણ તે ગુણોનો પરંપરાએ વિકાસ થતો રહે છે. અશુભ અનુબંધ સહિતના ગુણો નિરનુબંધ હોય છે જેની પરંપરા ભવાંતરમાં ચાલતી નથી. વિષયકષાયમાં જેને ખેદ વર્તે, ત્રાસરૂપ લાગે અને તેમાંથી છૂટવાનો ભાવ થાય તે જીવ અંતરંગ રૂચિપૂર્વક યોગમાર્ગમાં છે. તેના માટે મુક્તિના દ્વાર આપોઆપ ખુલતા જાય છે. કારણ કે 'દીનબંધુ દીનાનાથની ઇચ્છા જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહિ'. રુચિ ફરે અને અંતરંગ અભિપ્રાયમાં આમૂલ પરિવર્તન આવે તો અશુભનું શુભ અનુબંધમાં રૂપાંતરણ થાય. એનાથી ઉલટું, એવું કોઇ નિમિત્ત મળતા દમિત થયેલી કામવાસના જાગી ઉઠે તો શુભ અનુબંધની ધારા ખંડિત થાય અને અશુભમાં રૂપાંતરણ થઇ અધોગતિમાં પણ ફેંકાઇ જાય. સંભૂતિ મુનિના પુણ્યાનુબંધી પુણ્ય પણ નિયાણું બાંધવાના કારણે શુભ પણ અશુભ અનુબંધ બની ગયો. પંચમહાવ્રતના પાલન પણ તે અશુભ અનુબંધને રોકી શક્યા નહિ. પાંચ મહાવ્રતનાં પાલનના કારણે સાતિશય પુણ્યબંધ થયેલો તેના ફળરૂપે ચક્રવર્તીપદ મળ્યું પણ અશુભ અનુબંધના કારણે તે સાતિશય પુણ્યોદય નરકગતિના બંધનું કારણ બન્યું. અંતરમાં સ્ત્રીના દેહને ભોગવવાના ભાવમાં દેહાધ્યાસની વૃત્તિ પ્રબળ હતી.

અશુભ અનુબંધ મંદ પડ્યો હોય તો ઉદય વખતે ગુરુગમે કે પૂર્વના સંસ્કારબળે સદ્બુદ્ધિ પામી શકે અને શુભ અનુબંધમાં રૂપાંતરણ કરી શકે. નંદિષેણ મુનિ ચારિત્રથી પતિત થયા પણ લક્ષ અને પ્રતીતિ ટકી રહ્યા હતા. તેથી અનુકૂળ નિમિત્ત મળતા પૂર્વના સંસ્કાર જાગૃત થયા અને આત્મવિચારે કરી પોતાના શિથિલ થયેલા અનુબંધને દઢ કરી મોક્ષમાર્ગમાં આરૂઢ થઇ ગયા.

સુભૂમ ચક્રવર્તી પોતાના અશુભ અનુબંધને તોડીને સર્વસંગપરિત્યાગી ન થયા અને અધોગતિને આમંત્રી. પૃથ્વીચંદ્ર રાજદરબારમાં સિંહાસન પર બેઠા હતા અને એક શ્રાવક પાસેથી ગુણસેન રાજાએ તો લગ્નની ચોરીમાં ફેરા ફરતી વખતે આત્મચિંતનમાં ડૂબીને પોતાના અનુબંધને અત્યંત દઢ કરી કેવળને પ્રાપ્ત કર્યુ. એ સમાચાર સાંભળી પોતે પણ અંતર્ધાન થઇ કેવળને પ્રાપ્ત કર્યું. શુભ અનુબંધની આ પરાકાષ્ઠા છે. એવા સમયે બાહ્યમાં શુભક્રિયા પણ હોવી-ન હોવી એ ગૌણ બની રહે છે. અંતરમાં નિર્વિકલ્પ દશા થયે બહારની શુભ ક્રિયા તો છૂટી જ જાય છે. છેવટે તો આખો માર્ગ આત્માની અંતરપરિણતિમાં સમાયેલો છે. કર્મ બંધાય છે ત્યારે 'નિધત્ત' કક્ષા સુધીના જ બંધાય છે અને તેમાં ફેરફાર થઇ શકે છે. નિકાચિત તો પછીથી થાય છે.

### ઉદયકર્મને પ્રદેશોદયમાં કેમ ફેરવવા ?

કષાય પરિણામ થાય તેવા નિમિત્તના સદ્ભાવમાં સમજણપૂર્વક તે વચન અને કાયામાં પરિવર્તિત ન થાય એની સાવધાની કેળવવી. આમ કરવાથી કષાયનું બળ તૂટે છે. અર્થાત્, અવચેતન મનની વૃત્તિઓમાંથી પ્રતિકાર ન ઉઠે તેની

આત્મજાગૃતિ હોવી ઘટે. અંતરમાં પ્રગટેલ માનસિક સંતાપને 'હું તો ઉદયપ્રસંગને જોનાર-જાણનાર સાક્ષી ચેતના છું' એવા વિધેયાત્મક વિચારનું જોર વધારવું અને મનને નિરાબાધ કરવાનો પુરુષાર્થ કરવો. યોગ્ય ધર્મકથાના વિચારના આધારે ભાવિ અદૃષ્ટ ફળનો પણ વિચાર કરવો. થોડી મિનિટોનો ક્રોધના વિપાકનો સમય ઘણી વાર ક્રોડાક્રોડ સાગરોપમનો હોય છે અથવા હોઇ શકે. અંજના સતી દુઃખના સમયે વિચાર કરી કરીને પોતાના સ્વભાવ તરફ વળીને ઉદયનો સ્વીકાર કરીને શાંત થઇ જતા હતા. પોતાના પતિની કરપીણ હત્યા પોતાના જેઠ દ્વારા સગી આંખે જોઇને મદનરેખા ચીસ પાડી ઉઠ્યા. પણ પછી તુર્તજ પોતાની જાતને સંભાળી લીધી તથા પોતાના આત્મા ભણી દૃષ્ટિ કરીને સમભાવમાં આવી ગયા અને વિવેકરૂપ સમજણને વધુ દૃઢ કરી. શ્રેણિક મહારાજે હિંસા કર્યા પછી તેનો અહંકારયુક્ત આનંદ વેદ્યો અને સાતમી નરકનું ૩૩ સાગરનું આયુષ્ય બાંધ્યું !!! પાછળથી તીવ્ર પશ્ચાત્તાપના બળે નિકાચિત કર્મને હળવા કર્યા પણ નરકનું ટાંકુ તોડી ન શક્યા. આ બધી વાતનો સાર એક જ છે કે પ્રતિકાર આપતા પહેલા લક્ષ-ધ્યેયની મુખ્યતાએ અદૃષ્ટ ફળનો વિચાર કરવો. તેવો આત્મવિચાર જીવને પાપભીરુ બનાવે છે અને તેના ૯૫% જેટલા પાપકાર્યો અટકી જાય છે. હેયબુદ્ધિએ, કંપતા ચિત્તે, અનિચ્છાએ કરેલ કે થઇ ગયેલ પાપનો અનુબંધ શુભ પડે છે કારણકે તે અસંયમમાં તન્મય નથી, એવું અશુભ કરવાનો ભાવ નથી.

વ્યવહારનયથી ક્રિયાનું આલંબન હોય તેમ છતાં જ્ઞાનનય અપેક્ષાએ પરિણામ, અધ્યવસાય અને લેશ્યાની વિશુદ્ધિ વધારે મહત્ત્વની છે. નિશ્ચયનયથી અધ્યવસાય અને લેશ્યા પર સદ્‌ગતિનો આધાર હોય છે.

**અધ્યાત્મમાં નિર્વેદ-સંવેગની અનિવાર્યતા :** નિર્વેદ અને સંવેગ એ બે ગુણો અધ્યાત્મના માર્ગમાં ઘણા મહત્ત્વના છે. નિર્વેદ એ ભવરૂપી બીજનો નાશ કરે છે અને સંવેગ નિર્વાણપદ તરફ લઇ જાય છે. નિર્વેદ એટલે સંસાર ત્રાસરૂપ લાગવો, દુઃખરૂપ ભાસવો, સંસારથી છૂટવાની ઇચ્છા હોવી. સંવેગ એટલે 'માત્ર મોક્ષ અભિલાષ'. આત્માની રુચિ-લગની-ઝુરણા હોવી. કહેવાય છે કે નિર્વેદ ગુણ વિનાનો દાનવીર અને પરોપકારી જીવ પણ સંસારમાં રખડે અને નિર્વેદ સહિતનો લોભી જીવ પણ અંતે માર્ગને પામે. નિર્વેદ અને સંવેગ વિના જીવના પરિણામ નિમિત્તાધીન થતાં રહે છે. નિર્વેદ અને સંવેગ વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ અસંભવિત છે. સંવેગ અને નિર્વેદ એક જ સિક્કાની બે બાજુ છે. સંવેગ વિનાનો નિર્વેદ દુઃખગર્ભિત કે મોહગર્ભિત હોય છે અને નિર્વેદ વિનાનો સંવેગ પંડિતાઇ છે, બુદ્ધિનું પ્રદર્શન છે. નિર્વેદ-સંવેગના અભાવમાં હજારો ગુણોનું સેવન પણ કાર્યકારી ન નીવડે કારણ કે તે ગુણો નિરનુબંધ હોય છે, સાનુબંધ નથી હોતા તેથી તે ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થતો નથી. ભવાંતરમાં નિરનુબંધ ગુણો સાથે આવતા નથી. અઢારમું પાપસ્થાનક 'મિથ્યાત્વ' એટલું બધું પ્રબળ છે કે તે અન્ય સત્તર પાપસ્થાનકોને પાપરૂપ સ્વીકારવા નહિ દે. તેથી સ્વ-પરનો વિવેક પણ ન થઇ શકે. બધા પાપસ્થાનકોમાં હેયબુદ્ધિરૂપ ખેદ થાય અને દુઃખરૂપ લાગે તો જ પાપનો ભાવથી સ્વીકાર છે. સ્થૂળ દૃષ્ટિએ કષાય એ સ્થિતિબંધ અને રસબંધનું કારણ છે. પણ સૂક્ષ્મ દૃષ્ટિએ શુભાશુભ બંધમાં રસબંધનો આધાર લેશ્યા છે. અર્થાત્, કષાયના ઉદય વખતે અંતર્ગત લેશ્યા પ્રમાણે રસબંધ પડે છે.

**ભાવલેશ્યા અને તેનું સ્વરૂપ :** અધ્યવસાયરૂપ ઇષ્ટ-અનિષ્ટપણાને લઇને ઇષ્ટની પ્રાપ્તિ વખતે કે અનિષ્ટની નિવૃત્તિ વખતે થતા મનોયોગના પરિણામને ભાવલેશ્યા કહે છે. આત્માના પરિણામવિશેષ એ જ ભાવલેશ્યા છે. લેશ્યાની શુદ્ધિનો આધાર કષાયના અંશે અભાવરૂપ વાસ્તવિક મંદતા છે. જે જીવ પર્યાયની સ્વતંત્રતાનો સ્વીકાર કરે અને પોતાના પરિણામ માટે અન્ય સર્વને નિર્દોષ માને અને સમજે એને સમજણ સહિતની કષાયની વાસ્તવિક મંદતા છે. જેમ જેમ કષાયના અભાવરૂપ મંદતા થતી જાય તેમ લેશ્યા શુદ્ધ થતી જાય ને પુણ્યનો સ્થિતિબંધ અલ્પ અને રસબંધ અધિક થતો જાય.

લેશ્યા શુદ્ધિ માટે વિષયોથી વિમુખ થવારૂપ કષાયની મંદતા કરવી ઘટે. રાગદ્વેષરૂપ કષાયના

પરિણામ વખતે પણ નિષેધપૂર્વકના વિધેયાત્મક વિચારની મુખ્યતા છે તો જ તેને શુભ અનુબંધ અથવા તો અત્યંત મંદ અશુભ અનુબંધ પડે છે. વિષયોના સેવનથી કષાય જાગૃત થાય છે અને તેની સીધી અસર લેશ્યા પર થાય છે. તેથી શક્ય એટલા વિષયોથી વિમુખ થવું જરૂરી છે. વિષયના સંયમથી લેશ્યાશુદ્ધિ થાય છે. મૈત્રી આદિ ચાર ભાવનાઓ લેશ્યાશુદ્ધિનું કારણ બને છે. લેશ્યાશુદ્ધિ માટે મન/અવચેતન મનમાં રહેલ કચરાને સાફ કરવાનો છે. અનાસક્ત બુદ્ધિરૂપ વૈરાગ્યથી લેશ્યાશુદ્ધિ થાય છે અને અંતર પરિણતિમાં સ્વ-પરનો વિવેક કરવાથી શુભ અનુબંધ પડે છે, અનુબંધની શુદ્ધિ થાય છે. ધર્મની સમજણ હોય તો જ જ્ઞાનપૂર્વકની ક્રિયા થાય. વિભાવ માત્ર પાપસ્થાનક છે. તે વિભાવમાં પોતાપણું એ મિથ્યાત્વશલ્ય છે. અધ્યાત્મ દૃષ્ટિએ પરિણામ પર દૃષ્ટિ રાખવાની છે અને બાહ્ય આચરણમાં અઢાર પાપસ્થાનકરૂપી અશુભક્રિયાને ત્યાગી શુભ ક્રિયામાં પ્રવૃત્ત થવું ઘટે. નિશ્ચયનયથી બંધનું કારણ પણ મન છે અને અનુબંધનું કારણ પણ મન છે. વ્યવહારનય યોગને બંધનું કારણ માને છે. વચન-કાયાનું પ્રવર્તન પ્રાયે મનને અનુસરીને હોય છે. પ્રતીતિપૂર્વકની શ્રદ્ધાથી મનનો અભિગમ પલટવો જોઈએ.

જેટલા અંશે વિવેકનો અભ્યાસ કરી વિવેકના અંશો પ્રગટાવ્યા હોય તેટલા અંશે શુભનો અનુબંધ પડે. સ્વ-પરના વિવેકરૂપ ઉપયોગની શુદ્ધિ થાય તેમ તેમ અનુબંધ પણ શુભ થતો જાય. ગુણસેન રાજકુંવરે પોતાની મજા-આનંદ ખાતર અગ્નિશર્માને ખૂબ પીડા આપી તેથી તીવ્ર અશુભ અનુબંધ સહિતના પાપકર્મનો બંધ થયો. પાછળથી ખૂબ પશ્ચાત્તાપ કર્યો, અગ્નિશર્માની વિનયપૂર્વક માફી માંગી, શુભ અનુબંધ સહિત પુષ્કળ શુભક્રિયા પણ કરી, તત્ત્વત્રયનો શ્રદ્ધા-પ્રેમ-અર્પણતાપૂર્વકનો આશ્રય કર્યો તેથી ભવોભવ અગ્નિશર્માના ઉપસર્ગ સમયે પણ સમભાવમાં ટકી રહ્યા અને મોક્ષ સાધી લીધો. આ બધો પ્રતાપ શુભ અનુબંધનો જ હતો. કોઈપણ શુભાશુભ ધર્મક્રિયાનો અનુબંધ અશુભ છે તો તે સંસારપરિભ્રમણનું જ કારણ બને છે. અગ્નિશર્માએ દુર્ધર તપશ્ચર્યા કરી અને પુષ્કળ પુણ્યકર્મબંધ કર્યો તો પણ અશુભ અનુબંધને લઈને તેઓ મોક્ષમાર્ગથી વંચિત જ રહ્યા. આમ, અશુભ અનુબંધનું ફળ અનંત સંસારનું પરિભ્રમણ બની રહે છે. રુચિ આંતરવિવેક સાથે સંકળાયેલી છે અને બાહ્યમાં શુભ ક્રિયાનું વલણ હોવું ઘટે. અર્થાત્, તત્ત્વરુચિ વૈરાગ્ય વિના હોય નહિ. પાંચ ઇન્દ્રિયોના વિષયમાં ઉપાદેય બુદ્ધિથી અશુભ અનુબંધ તીવ્ર થતો જાય છે.

દ્રવ્યાનુયોગની અપેક્ષાએ તત્ત્વરુચિ અનુસાર શુભ અનુબંધ પડે અને ચરણાનુયોગની અપેક્ષાએ ધર્મની રુચિ (ક્રિયા અનુસાર નહિ) અનુસાર શુભ અનુબંધ પડે. જ્ઞાનીને પ્રતિકૂળતામાં કદાચિત રાગદ્વેષ થાય તો પણ અંતરમાં સ્વ-પરનો વિવેક વર્તે છે અને રાગદ્વેષનું સ્વામિત્વ નથી તેથી ભાવલેશ્યા શુભ હોય છે. આ કારણે જ જ્ઞાનીનાં ભોગઉપભોગને નિર્જરાનું કારણ કહેલ છે. હૃદય પરિવર્તનથી જ અનુબંધમાં આમૂલ પરિવર્તન આવે છે. શ્રદ્ધાની અપેક્ષાએ હૃદય પરિવર્તન કહેવાય અને જ્ઞાન અપેક્ષાએ અંતરંગ અભિપ્રાયના પલટાથી અનુબંધ પલટે છે. શ્રદ્ધા વિનાનું જ્ઞાન લંગડું છે અને જ્ઞાન વિનાની શ્રદ્ધા આંધળી છે, મિથ્યા છે. શ્રદ્ધા અને જ્ઞાનની મૈત્રી હોય ત્યારે શુભ અનુબંધ પડે છે અને મોક્ષમાર્ગની કેડી અંકારાય છે. યોગ એટલે ગુણો સાથેનું અનુસંધાન. એટલે કે આત્માનુસંધાન કરી પ્રગટાવેલા ગુણો અને ક્ષેમ એટલે તે ગુણોને ટકાવી રાખવાનો પુરુષાર્થ કરતા રહેવો. અર્થાત્, અપુનરબંધક દશાથી માંડીને છેક બારમા ગુણસ્થાન સુધી જીવ પોતે જ પોતાનો યોગક્ષેમ કરે છે. વ્યવહાર અપેક્ષાએ સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મ પ્રત્યેના શ્રદ્ધા-પ્રેમ-અર્પણતાથી યોગક્ષેમ થાય છે. આવતા લેખમાં ભાવમનનું સ્વરૂપ, મનની વિશિષ્ટ શક્તિઓ, 'હું શુદ્ધાત્મા છું' એની સાધના વિષે વિચારણા કરીશું. 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'.

(ક્રમશઃ)

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં યોજાતા જિનાભિષેક-આરતી-પૂજાનો લાભ લેવા અંગે વિજ્ઞપ્તિ

સંસ્થામાં નિવાસ કરતા તેમજ બહારગામ - વિદેશના મુમુક્ષુઓ તરફથી સંસ્થામાં નિયમિત યોજાતા શ્રી જિનાભિષેક - આરતી - પૂજાનો લાભ લેવા માટે વિનંતી થતી રહી છે. તેઓની આવી શુભ ભાવનાને અનુલક્ષીને સંસ્થાની વ્યવસ્થાપક સમિતિએ નીચે મુજબના નિર્ણયો લીધા છે; જે તા. ૧૪-૦૨-૨૦૨૨ થી તા. ૧૪-૦૨-૨૦૨૩ સુધી અમલમાં રહેશે :-

(૧) લાભ લેનાર વ્યક્તિ / કુટુંબ ૧ દિવસ માટે શ્રી જિનાભિષેક - આરતી - પૂજાનો લાભ લઈ શકશે.

(૨) બહારગામના - વિદેશના મુમુક્ષુ ભાઈ-બહેનો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

(૩) લાભ લેવાની જે તે તારીખ અગાઉથી નોંધાવવી આવશ્યક છે, અથવા આગલા દિવસે પણ તારીખ નોંધાવી શકાશે.

(૪) એક દિવસના લાભનો નકરો રૂા. ૧૧૦૦/- (અગિયારસો પૂરા) રાખવામાં આવેલ છે.

(૫) એક વ્યક્તિ / પરિવાર ઇચ્છાનુસાર એકથી વધુ તારીખમાં પણ લાભ લઈ શકશે.

(૬) એક તારીખે એકથી વધુ લાભાર્થી લાભ લઈ શકશે.

(૭) વર્ષ દરમ્યાન ગમે ત્યારે આ યોજનાનો લાભ લઈ શકાશે.

આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા મુમુક્ષુ ભાઈ-બહેનોએ સંસ્થાના કાર્યાલયનો અથવા વ્યવસ્થાપક સમિતિનો સંપર્ક સાધવા વિનંતી છે.

## સંસ્થા દ્વારા યોજાનાર નિઃશુલ્ક છાશવિતરણ તથા રાહતદરે ચોપડા વિતરણ અંગે વિજ્ઞપ્તિ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા સમાજસેવાની પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. શ્રી પ્રભુ-ગુરુની અસીમ કૃપા, પૂજ્ય સાહેબજી અને પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદથી તેમજ દાનવીર મહાનુભાવો અને મુમુક્ષુઓના સહકારથી લગભગ છેલ્લા વીસેક વર્ષોથી સંસ્થા દ્વારા જરૂરતમંદ લોકો માટે છાશવિતરણ તેમજ રાહતદરે સારી ક્વૉલીટીવાળા ફુલસ્કેપ ચોપડાઓના વિતરણની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ચાલુ વર્ષે એપ્રિલ માસથી આ બંન્ને પ્રવૃત્તિઓનો શુભારંભ થશે. વિદ્યાર્થીઓ માટે ૧ નંગ ચોપડાની કિંમત રૂા. ૨૦/- રહેશે. સંસ્થા દ્વારા ૬ વિતરણ કેન્દ્રો પરથી જરૂરતમંદો માટે દરરોજ લગભગ ૯૦ લિટર દૂધની છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે, જેનો એક દિવસનો નકરો રૂા. ૫૦૦૦/- છે. આ શુભ પ્રવૃત્તિઓમાં આર્થિક સહયોગ આપવાની ભાવનાવાળા દાનવીર મહાનુભાવોને સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

## થાઇરોઇડ નિદાન કેમ્પ

આપણી સંસ્થાના સ્થાપના દિન (વૈશાખ સુદ ૧૦) નિમિત્તે આયોજિત કાર્યક્રમોના અનુસંધાનમાં સંસ્થા દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ "**થાઈરોઈડ નિદાન કેમ્પ**" નું આયોજન તા. ૦૮-૦૫-૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ માં કરેલ છે. આ સમય દરમિયાન રૂા. ૫૦/- ના રાહત દરે TSH ટેસ્ટ કરી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSH નો રીપોર્ટ ઓછો કે વધારે આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4 ના રીપોર્ટ કોઈપણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રીપોર્ટ

પહોંચાડી દેવાશે. સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂા. ૬૦૦/- થી ૮૦૦/- ની નજીક થાય છે. (સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ - ૯૩૨૭૦૯૦૩૯૩, શ્રી નીતાબેન લોઢીયા - ૯૭૨૩૩૫૦૩૬૯)

## સંસ્થામાં સમકિત પર્વ મૌનસાધના શિબિર સાનંદ સંપન્ન

૧૪ ફેબ્રુઆરી એટલે પૂજ્યશ્રી આત્માનંદજીનો સમકિત (આત્મજ્ઞાન) પ્રાપ્તિનો શુભ દિન તા. ૧૪-૦૨-૧૯૬૯ ના શુભ દિને પૂજ્યશ્રીએ અપૂર્વ પરાક્રમ દાખવી મિથ્યાત્વની ગ્રંથિને ભેદી અનંતકાળમાં જેની પ્રાપ્તિ થઇ નથી તેવા સમ્યક્ત્વરૂપી રત્નને સંપ્રાપ્ત કરી, મોક્ષપ્રાપ્તિને નિર્ધારિત કરી દીધી. પંચમકાળની વિરલ વિભૂતિ અને વર્તમાન સદીના આત્મજ્ઞ પૂજ્યશ્રી આત્માનંદજીએ **'यथा नाम तथा गुण'** અનુસાર અતીન્દ્રિય આનંદનો આસ્વાદ માણ્યો. સ્વ-પર કલ્યાણમાં અહોનિશ તત્પર રહી પૂજ્યશ્રીએ જીવનને સાચા અર્થમાં સાર્થક કર્યું. પૂજ્યશ્રીનું જીવન મુમુક્ષુસમાજ માટે દીવાદાંડી સમાન છે. પૂજ્યશ્રીનું જીવન એ જ મુમુક્ષુઓ માટે સંદેશ છે. પૂજ્યશ્રીના જીવનમાંથી સત્પ્રેરણા મેળવી મુમુક્ષુ ભાઈ-બહેનો પણ સમ્યક્ત્વની પ્રાપ્તિનો નિર્ધાર કરીને જીવનને પરમ મંગલમય બનાવે તેવા ઉદ્દેશથી સંસ્થામાં તા. ૧૨-૦૨-૨૦૨૨ થી તા. ૧૪-૦૨-૨૦૨૨ ત્રિદિવસીય 'સમકિત પર્વ મૌનસાધના શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મૌન અને ધ્યાનની મુખ્યતા હતી. ભારતીય પરંપરામાં મૌનની આરાધનાને આધ્યાત્મિક વિકાસના અંગ તરીકે સ્વીકારવામાં આવી છે. મૌનથી ચિંતન, મનન અને લેખિત સ્વાધ્યાયમાં ખૂબ સહાય મળે છે. મહાપુરુષો મૌનસહિત આત્મસ્થિરતાનો અભ્યાસ કરતા હોય છે. મૌન એ આધ્યાત્મિક વિકાસનું મહાન સાધન છે. મૌન આપણા દિવ્ય વિચારોનું પવિત્ર મંદિર છે.

શિબિરનો શુભારંભ મહાનુભાવોના દીપ-પ્રાગટ્યથી થયો. સમગ્ર શિબિરનું સુંદર અને સફળ સંચાલન સંસ્થાના ટ્રસ્ટીવર્ય આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. પૂજ્ય બહેનશ્રીએ શ્રી સમંતભદ્રાચાર્ય વિરચિત 'રત્નકરણ્ડશ્રાવકાચાર' (ગાથા ૩૧ થી ૪૧) ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે 'રત્નકરણ્ડશ્રાવકાચાર' માં સમ્યગ્દર્શનનું અનેરું માહાત્મ્ય બતાવ્યું છે. 'આ ભવમાં મારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે' તેવું જીવનનું ધ્યેય બનાવવું જોઇએ. પ્રભુ, ગુરુ અને તેઓની વાણી સાથે આપણે પરમ પ્રેમ કરવાનો છે. સમ્યક્દૃષ્ટિ જિનેન્દ્ર ભગવાનના ઉત્કૃષ્ટ ભક્ત હોય છે. સમ્યક્દૃષ્ટિ દેવેન્દ્ર અને ચક્રવર્તીનો લૌકિક વૈભવ પ્રાપ્ત કરે છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ કરે છે. સમ્યગ્દર્શન સંસારસાગરથી પાર ઉતારનાર નાવિક છે. સમ્યગ્દર્શન વિના સાચું ચારિત્ર પ્રગટ થતું નથી. ત્રણ કાળ, ત્રણ લોકમાં સમ્યગ્દર્શન હિતકારી છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શનની આવશ્યકતા છે. પૂજ્યશ્રીને જ્યારે આત્માનુભૂતિ થઇ ત્યારબાદ અનુભૂતિના ઉદ્‌ગારોનું આલેખન કર્યું હતું. બા.બ્ર.આદ. સુરેશજીએ 'પૂજ્યશ્રીના આત્માનુભૂતિના ઉદ્‌ગારો' ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જે જીવને આત્મત્વપ્રાપ્તિની ભાવના જાગે છે ત્યારે સદ્‌ગુરુનો યોગ થાય છે અને સદ્‌ગુરુ તેને સ્વભાવની દૃષ્ટિ કરાવે છે. સાંસારિક કાર્યોમાં આકુળતાનો થાક લાગે છે, જ્યારે સ્વરૂપનું અનુસંધાન કરવામાં થાક લાગતો નથી. મૌન અને શાંત રહેવાથી કષાય મંદ પડે છે. જ્ઞાની વિશ્વની વ્યવસ્થાનો સ્વીકાર કરે છે. જ્ઞાનીનું સૌથી મોટું લક્ષણ નિરાકુળતા છે. શ્રદ્ધા અને જ્ઞાન ચારિત્રદશામાં સહાયક બને છે. સ્વભાવ અને વિભાવ ચૈતન્યના ભાવ છે, અન્ય પરભાવ છે. દૃશ્યથી પ્રભાવિત થવાના કારણે જીવ રાગદ્વેષ કરે છે. સમ્યક્‌બોધ વિના સાચું ધ્યાન થતું નથી. 'જહાં ચાહ હૈ, વહાં દાહ હૈ.' 'હું છું' તેની પ્રતીતિ તેનું નામ આત્મવિશ્વાસ. જ્ઞાની ઉદયને હૃદય સુધી પહોંચવા દેતા નથી. જ્ઞાની શાંતિ અને ધૈર્યને કદી છોડતા નથી. ભયનું કારણ પર્યાયદૃષ્ટિ છે. તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિ અને વૈરાગ્ય વિના જ્ઞાનીને ઓળખી શકાય નહિ. સત્‌દેવ-ગુરુ-ધર્મ તાત્ત્વિક આનંદની પ્રાપ્તિમાં સહાયક છે. શુદ્ધિનું શ્રેષ્ઠ સાધન તત્ત્વવિચાર છે.

શિબિરની વિશેષતા એ હતી કે દરેક બેઠકના અંતે ધ્યાનનો પ્રયોગ કરાવવામાં આવતો હતો. આદ. બા.બ્ર. સુરેશભૈયાએ સુંદર તાત્ત્વિક સમજૂતી સાથે સૌને ધ્યાનનો પ્રયોગ કરાવ્યો હતો. આ મૌન તથા ધ્યાન

શિબિર સૌને માટે સાધનામાં સહાયકારી પુરવાર થઈ. આવી શિબિરો યોજવાની મુમુક્ષુસમાજ તરફથી માંગણી કરવામાં આવી. સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈ પારેખે આભારવિધિ અંતર્ગત જણાવ્યું કે આ ધ્યાન અને મૌન સાધના શિબિરથી સૌને લાભ થયો. અંતર્મુખતા માટે મૌનશિબિર ઉપયોગી છે. શિબિરમાં ભાગ લેવા બદલ દરેકને ધન્યવાદ. હવે મૌનશિબિરના આયોજન અંગે સંસ્થા વિચારણા કરશે.

રાત્રે ભક્તિસંગીતની કેસેટ દ્વારા સૌ પ્રભુ-ગુરુ ભક્તિમાં ભીંજાયા. જિનાભિષેક, જિનપૂજા, સંધ્યાવંદન જેવા કાર્યક્રમો શિબિરમાં નિયમિત યોજાયા હતા. શિબિરમાં સહયોગ આપનારા સૌ કોઈને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન સાનંદ સંપન્ન

આસો વદ એકમના શુભ દિને પરમકૃપાળુદેવે અવનિના અમૃત સમી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરી હતી. છ દર્શનના સારભૂત શ્રી આત્મસિદ્ધિની રચના દ્વારા પરમકૃપાળુદેવે મુમુક્ષુસમાજ પર અસીમ ઉપકાર કર્યો છે. આવા આત્મસિદ્ધિશાસ્ત્રના અચિંત્ય માહાત્મ્યથી પ્રભાવિત થઈને આપણી સંસ્થા સાથે જોડાયેલા સરળ હૃદયના, પ્રતિભાવંત, ઉદારદિલ અને અનેકવિધ સદ્ગુણોથી જીવનરૂપી લતાને નવપલ્લવિત રાખનારા મુમુક્ષુવિશેષ આદ. શ્રી રમાબેન દેસાઇ (અમરેલી) ના સૌજન્યથી સંસ્થામાં તા. ૧૧-૦૨-૨૦૨૨ ના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન રાખવામાં આવ્યું હતું. બહુમુખી પ્રતિભા ધરાવતા બા.બ્ર. આદ. અલકાદીદીએ આ વિધાનની મૌલિક રચના કરીને આ સત્શાસ્ત્ર પ્રત્યે અત્યંત પ્રીતિભાવ વ્યક્ત કરેલ છે. આ વિધાનમાં પ્રત્યેક ગાથા પછી તેના ભાવને અનુસરતા અર્ઘ અર્પણ કરવામાં આવ્યા છે. આ વિધાનમાં કુલ ૧૪૦ અર્ઘ છે. આત્માની શુદ્ધિ અને સિદ્ધિ થાય તેવા ભાવથી સૌ આ પૂજા-વિધાનમાં જોડાયા હતા. સંસ્થા સાથે જોડાયેલા મુમુક્ષુ બહેનોને આ પૂજા-વિધાનમાં જોડાઈને પુણ્યાર્જન કરવાનો લાભ આદ. રમાબેન દેસાઈએ આપ્યો હતો; જે બદલ તેઓ અનેકશઃ ધન્યવાદને પાત્ર છે.

જિનાભિષેક બાદ નવદેવતાની પૂજા કરવામાં આવી હતી. બા.બ્ર. આદ. સુરેશભૈયા, બા.બ્ર. આદ. જનકદીદી, બા.બ્ર. આદ. અલકાદીદી, બા.બ્ર. આદ. કપિલભૈયાના સુમધુર કંઠ અને હૃદયોર્મિના સુભગ સમન્વયથી વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઉઠ્યાં. સાથે સાથે મુમુક્ષુ ભાઈ-બહેનોમાં વિશેષ ભક્તિનો પ્રાદુર્ભાવ થતાં, હૃદયના તાર ઝંકૃત થઈ ભાવોર્મિ પ્રસરતાં સોનામાં સુગંધ ભળી. ભક્તિરસમાં તરબોળ થઈ કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનોએ નૃત્યભક્તિ પણ કરી. મુમુક્ષુઓના હૃદયનો ભાવોલ્લાસ આંખોમાં અશ્રુરૂપે પ્રવાહિત થતો દૃષ્ટિગોચર થયો. સૌએ સાત્ત્વિક આનંદની અનુભૂતિ કરી. આદ. રમાબેન દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધનમાં વિધાનમાં ઉપસ્થિત રહેનાર મુમુક્ષુ ભાઈ-બહેનો અને સંસ્થા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સંસ્થાના ટ્રસ્ટીવર્ય આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વિધાનના સૌજન્યદાતા આદ. શ્રી રમાબેન દેસાઈ પ્રત્યે સંસ્થા વતી સાભાર ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે આદ. શ્રી રમાબેન દેસાઈ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તેમજ દરેકને રૂા. ૧૦/- ની પ્રભાવના કરવામાં આવી હતી. વિધાનમાં સહયોગ આપનારા સૌ કોઈને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થામાં 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' ના આધારે યોજાયેલ લેખિત કસોટીનું પરિણામ

મુમુક્ષુ ભાઈ-બહેનો જ્ઞાનાર્જન દ્વારા તત્ત્વાભ્યાસ કરી શકે તેવા હેતુથી સંસ્થા દ્વારા પં. ગોપાલદાસજી બરૈયા કૃત 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' (દ્વિતીય અધ્યાય) ના આધારે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. બા.બ્ર. આદ. સુરેશભૈયાએ ખૂબ જહેમત ઉઠાવીને પ્રશ્નપત્ર તૈયાર કર્યું હતું અને આ વિષય પર તત્ત્વસભર મનનીય સ્વાધ્યાય આપ્યા હતા. ૧૦૦ ગુણની યોજાયેલી આ પરીક્ષા માટે જવાબપેપરો ચેક કરવા, પરિણામ તૈયાર કરવું વગેરે પરીક્ષાને લગતી તમામ કાર્યવાહી સંસ્થાના સેવાભાવી સાધક આદ. શ્રી

ચંપકભાઈ પરમાર્થીએ ખૂબ પ્રેમપરિશ્રમપૂર્વક બજાવી હતી, જે બદલ સંસ્થા તરફથી તેઓશ્રીને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ. આ લેખિત કસોટીમાં સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લઈને જ્ઞાનવૃદ્ધિ કરી હતી. કસોટીમાં પ્રથમ દશ ક્રમાંક પ્રાપ્ત કરનારા મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે મુજબ છે : (૧) શ્રી અંજલિબેન જૈન, દિલ્હી (૯૯ ગુણ) (૨) શ્રી જિનેશભાઈ બી. પારેખ, ચેન્નાઈ (૯૮ ગુણ) (૩) શ્રી ભારતીબેન પી. મહેતા, યુ.એસ.એ., બા.બ્ર. જનકદીદી, કોબા (૯૬ ગુણ) (૪) બા.બ્ર. અલકાદીદી, કોબા (૯૫ ગુણ) (૫) શ્રી વીણાબેન ખંધાર, યુ.એસ.એ., શ્રી મહેન્દ્રભાઈ ખંધાર, યુ.એસ.એ., શ્રી રેખાબેન સી. પરમાર્થી, વડોદરા (૯૪ ગુણ) (૬) શ્રી પ્રવીણભાઈ મહેતા, યુ.એસ.એ., શ્રી નીતિનભાઈ પારેખ, મુંબઈ, શ્રી વિપુલભાઈ પટેલ, કોબા (૯૩ ગુણ) (૭) શ્રી શ્રુતિબેન માલદે, લંડન, શ્રી મિતેશભાઈ એ. શાહ, સાબરમતી (૯૨ ગુણ) (૮) શ્રી બકુલભાઈ પારેખ, ચેન્નાઈ, ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી (પૂજ્ય બહેનશ્રી), શ્રી નવનીતભાઈ મિશ્રા, કોબા (૯૧ ગુણ) (૯) શ્રી ચંદ્રિકાબેન વી. મહેતા, રાજકોટ, શ્રી દીપ્તિબેન શાહ, રાજકોટ, શ્રી પારુલબેન પી. મશર, વડોદરા, શ્રી સરલાબેન બી. પારેખ, ચેન્નાઈ, શ્રી જ્યોત્સનાબેન, લંડન (૯૦ ગુણ) (૧૦) શ્રી પ્રદીપભાઈ બી. શાહ, યુ.એસ.એ., બા.બ્ર. રાગિણીદીદી, કોબા (૮૯ ગુણ)

## સંસ્થા સંચાલિત ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટેની દ્વિદિવસીય સ્નેહમિલન શિબિર સાનંદ-સંપન્ન

આધુનિક શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સુસંસ્કારોનું સિંચન થાય, મૂલ્યનિષ્ઠ શિક્ષણ સંપ્રાપ્ત થાય, ચારિત્રઘડતરની તાલીમ મળે અને તે દ્વારા દેશને એક સુસંસ્કારી, જાગૃત અને દેશપ્રેમી નાગરિકોની પ્રાપ્તિ થાય તેવા શુભ આશયથી પૂજ્ય સંતશ્રી આત્માનંદજીએ ઇ.સ. ૧૯૯૪ માં 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળની સ્થાપના કરી હતી. ૧૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ આ ગુરુકુળ આજે વટવૃક્ષ સમાન બની ગયું છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે ભોજન-આવાસ-કમ્પ્યુટર-રમતગમતના સાધનો તેમજ વિદ્યાર્થીઓમાં સુસંસ્કારોનું ઘડતર થાય તે માટે સુંદર સુવિધાઓ ઉપલબ્ધ છે. પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના પવિત્રતાના સ્પંદનોથી પ્રવહિત શુદ્ધ વાતાવરણયુક્ત કોબાની પાવન ભૂમિમાં વિદ્યાર્થીઓના ચારિત્રનું ઘડતર થઇ રહ્યું છે. પૂજ્ય બહેનશ્રી જેવા પ્રેમાળ માતા, મુમુક્ષુ ભાઈ-બહેનોના વાત્સલ્યસભર સાથ-સહકાર અને ગુરુકુળ કમિટિના સુંદર સંચાલનરૂપી ત્રિવેણી સંગમમાં વિદ્યાર્થીઓ સમુચ્ચય વિકાસ સાધી રહ્યા છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ ગુરુકુળમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓ માટે સુવિધાઓ કરવામાં આવી છે.

ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંસ્થા સાથે નાતો જોડાયેલો રહે અને તેઓ સંસ્થાના આધ્યાત્મિક વાતાવરણનો લાભ લેતા રહે તેવા ઉદ્દેશથી સંસ્થા દ્વારા તા. ૨૬-૦૨-૨૦૨૨ થી તા. ૨૭-૦૨-૨૦૨૨ દરમિયાન દ્વિદિવસીય સ્નેહમિલન શિબિર યોજવામાં આવી હતી. ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે દાક્તર, વકીલ, એન્જિનિયર, પોલીસ, સરકારી અધિકારીઓ બનીને સમાજની સેવાઓ કરી રહ્યા છે. શિબિરનું સુંદર સંચાલન ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી વિજયભાઈ પટેલે કર્યું હતું.

**પ્રાર્થના-યોગ-કસરત :** શિબિર દરમિયાન દરરોજ સવારે પ્રાર્થના, હળવી કસરતો, યોગાસનો અને પ્રાણાયામ કરવામાં આવ્યા. યોગાચાર્યશ્રી વસંતભાઈએ તેઓની વિશિષ્ટ શૈલીમાં સૌને યોગાસનો અને પ્રાણાયામ કરાવ્યા હતા.

**સત્સંગ - સ્વાધ્યાય :** પૂજ્યશ્રીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે યોજાયા હતા. આદ. બા.બ્ર. સુરેશજીએ 'જીવનદૃષ્ટિ' વિષય અંતર્ગત સકારાત્મક વિચાર અને સૌ સાથે પોતાપણાનો વ્યવહાર કરવા પર ભાર મૂક્યો હતો. આદ. બા.બ્ર. અલકાદીદીએ 'ચરિત્રનિર્માણ-સર્વાંગી વિકાસ' અંતર્ગત શારીરિક વિકાસ, બૌદ્ધિક વિકાસ, માનસિક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ અંગેની સુંદર સમજૂતી બોર્ડના માધ્યમથી આપી હતી.

**જીવનવિકાસલક્ષી વાર્તાલાપ :** એડ્વોકેટશ્રી વિજયભાઈ પટેલે 'જનરલ અવરનેસ' અંતર્ગત રોડ અકસ્માત,

તબીબી સહાય, પ્રોપર્ટી ટાઇટલ ક્લીયર, રસીદ લેવી વગેરે કાયદાકીય બાબતો અંગે સમજૂતી આપી હતી. પોતાની આવકના ૧૦% દાનમાં આપતા ડૉ. સૌરભભાઈએ ગુરુકુળના સંસ્મરણો વાગોળતા સંસ્થા પ્રત્યે કૃતજ્ઞતાના ભાવ વ્યક્ત કરતા જણાવ્યું કે ગુરુકુળ મારું જૂનું ઘર છે. તેઓશ્રીએ પરોપકારની ભાવના વિકસાવવા પર ભાર મૂક્યો હતો. 'શ્વાસ ચેરિટેબલ ટ્રસ્ટ' નામની સંસ્થા ચલાવતા શ્રી કિંજલબેન ઝૂંપડપટ્ટી વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાની સાથે તેઓના આરોગ્યનું પણ ધ્યાન રાખે છે. તેઓશ્રીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓની ક્ષમતા જોઇને તેને આગળ વધારવા પ્રયત્ન કરવો જોઇએ. માતૃભાષાના હિમાયતી, વિવિધ સેમિનારો યોજીને યુવાનોને માર્ગદર્શન આપતા, ક્લાસ-૧ ઑફિસર, આદ. શ્રી કપિલભાઈ શાહ ગાંધીનગરમાં 'શિલ્પ કેરિયર એકેડમી' કોચીંગ ક્લાસ દ્વારા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેનું સુંદર માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓશ્રીએ પોતાના પ્રભાવશાળી વક્તવ્યમાં જણાવ્યું કે આપણા જીવનના કેન્દ્રમાં આધ્યાત્મિકતા હોવી જોઇએ. યુવાન તરીકે આપણી પરિવાર તથા રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી છે. માતૃભાષા પર આપણું પ્રભુત્વ હોય તો કોઇપણ ભાષા આપણે સહેલાઈથી શીખી શકીએ છીએ. હિંમત, વિશ્વાસ અને દઢ મનોબળ જેવા ગુણોનો વિકાસ કરજો. ગમે તેટલી નિષ્ફળતાઓ મળે તોપણ કદી હતાશ થવું નહિ. મનથી કદી હિંમત હારવી નહિ. આવતીકાલની ચિંતામાં આજને બગાડશો નહીં. નિરક્ષર→ સાક્ષર→સંસ્કારી →સંવેદનશીલ. સેવા, સંસ્કાર અને સમષ્ટિના કલ્યાણ માટે પ્રયત્નશીલ બનવું. શ્રી જનકભાઈ સુતરિયાએ સરકારી નોકરી મેળવવા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી આપી હતી.

**વર્કશોપ :** શિબિરાર્થીઓમાં ક્રિએટીવીટી (રચનાત્મક કાર્યશક્તિ)નો વિકાસ થાય તેવા હેતુથી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મુમુક્ષુ આદ. શ્રી સંજયભાઈ બી. શાહના સુપુત્રી સ્વેનીબેને ખૂબ પ્રેમપરિશ્રમ લઇને વર્કશોપનું આયોજન કર્યું હતું. આ કાર્યમાં તેઓને મુમુક્ષુ આદ. શ્રી સમીરભાઈ શાહના સુપુત્રી સુપ્રિયાબેનનો સહયોગ સાંપડ્યો હતો. સ્વેનીબેને સૌપ્રથમ રચનાત્મક કાર્યશક્તિ અંગે સમજૂતી આપી હતી. ત્યારબાદ શિબિરાર્થીઓએ જુદી જુદી સામગ્રીઓનો ઉપયોગ કરીને ફોટોફ્રેમ બનાવ્યા હતા. નિર્ણાયક તરીકે મુમુક્ષુવિશેષ આદ. શિલ્પાબેન તથા મુમુક્ષુવિશેષ આદ. સંગીતાબેને સેવાઓ આપીને શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી કરી હતી.

**કૌન બનેગા જ્ઞાનપતિ ? :** શિબિરાર્થીઓને ગમ્મત અને નવીનતાની સાથે જ્ઞાનની ઉપલબ્ધિ થાય તેવા હેતુથી 'કૌન બનેગા જ્ઞાનપતિ ?' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે એડીટીંગ, પ્રશ્નોત્તરી તથા સંચાલન માટે શ્રી હિત મોદી, શ્રી આત્મન મોદી, શ્રી ધ્રુમિલ જશવાણી, શ્રી દર્શન જશવાણી, શ્રી શરદભાઈ જશવાણીએ સમયનો ભોગ આપીને ખૂબ પ્રેમપરિશ્રમપૂર્વક તૈયારી કરી હતી. એક્સપર્ટ ઓપીનીયન અને નિર્ણાયક તરીકે શ્રી મહેન્દ્રભાઈ ખંધાર, શ્રી દીપ્તિબેન શાહ અને શ્રી મિતેશભાઈ શાહે સેવાઓ પૂરી પાડી હતી. પ્રભાવશાળી આ કાર્યક્રમ દ્વારા સૌએ મનોરંજન સાથે જ્ઞાનની પ્રાપ્તિ કરી.

**રમતોત્સવ :** શિબિરાર્થીઓને વૉલીબોલ, સ્લો સાઇક્લીંગ રેસ, લીંબુચમચી, કોથળાદોડ, સંગીતખુરશી, ધૂળમાંથી સિક્કા શોધવા, રબરબેન્ડ ટુકપીક જેવી રમતો રમાડવામાં આવી હતી. રમતોત્સવના નિર્ણાયકો તરીકે સેવાઓ આપનારા સૌને સંસ્થા તરફથી ધન્યવાદ પાઠવીએ છીએ. રમતોત્સવમાં વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા.

**સાંસ્કૃતિક કાર્યક્રમો :** સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવ આદ. શ્રી બિપીનભાઈ મણિયારે 'ડાયરો' કાર્યક્રમ અંતર્ગત સંસ્કારપ્રેરક અને નિર્દોષ મનોરંજન પીરસ્યું. શ્રી હિત મોદી આયોજિત 'મોબાઇલના ફાયદા-ગેરફાયદા' ડિબેટમાં સુંદર જાણકારી મળી. શ્રી હિત મોદીએ ટાઇમ મેનેજમેન્ટ, પ્રકૃતિ તરફ પાછા વળો, નિષ્ફળતાઓથી ડર્યા વગર સફળતા માટે સતત પ્રયત્નશીલ રહો વગેરે બાબતો વીડિયો દ્વારા સુંદર રીતે સમજાવી હતી.

**શિબિર સમાપન અને ઇનામવિતરણ :** પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દઢ મનોબળ, આત્મવિશ્વાસ

અને સહનશક્તિ જેવા સદ્ગુણો ખીલવવા પર ભાર મૂક્યો. બા.બ્ર. આદ. સુરેશજીએ સંગઠનશક્તિ, પરિશ્રમ, નિયમિતતા જેવા ગુણો વિકસાવવા પર ભાર મૂકતા જણાવ્યું કે સંસ્થા સાથે નિયમિતરૂપે જોડાયેલા રહેજો.

શિબિર દરમ્યાન યોજાયેલા કાર્યક્રમોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર શિબિરાર્થીઓને ઇનામો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત દરેક શિબિરાર્થીને કોમન ઇનામો પણ આપવામાં આવ્યા હતા. શિબિરમાં મહાનુભાવો, વિશિષ્ટ સેવાઓ આપનારાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શિબિરાર્થીઓએ પોતાના સુંદર પ્રતિભાવો પ્રસ્તુત કર્યા.

**સ્કોલરશીપ :** આપણી સંસ્થાના સમર્પિત મુમુક્ષુ, મુરબ્બી આદ. શ્રી કિશોરભાઈ શેઠના પિતાશ્રીની સ્મૃતિમાં દર વર્ષે 'શ્રી ડી. એન. શેઠ શિષ્યવૃત્તિ' આપવામાં આવે છે. આ કાર્યમાં શ્રી કિશોરભાઈના સુપુત્રી માધ્વીબેનનો પણ સુંદર સહયોગ સાંપડી રહ્યો છે. ચાલુ વર્ષે જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણસહાય અર્થે શિષ્યવૃત્તિ અર્પણ કરવામાં આવી.

**પ્રકીર્ણ :** સમગ્ર શિબિર માટે આદ. તરલાબેન દિનેશભાઈ બાવીસી (રાજકોટ) નું આર્થિક સૌજન્ય સંપ્રાપ્ત થયું હતું. શિબિર દરમિયાન તેઓશ્રી તરફથી સૌને શેરડીનો રસ આપવામાં આવ્યો હતો. શિબિરાર્થીઓ માટે ઇનામોની પસંદગી પણ શ્રી દિનેશભાઈ બાવીસીએ સ્વયં કરી હતી. તેઓના ઉદારદિલ હૃદયની અનુમોદના કરીને સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે. ગુરુકુળના વિદ્યાર્થીઓને નિઃસ્વાર્થભાવે શિક્ષણ આપતા આદ. દેવયાનીબા નાદુરસ્ત તબિયત હોવા છતાં શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા ગૃહપતિશ્રી મેહુલભાઈ તથા શ્રી વૈશાલીબેનનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનાર ગુરુકુળ કમિટિ (શરદભાઈ ડેલીવાળા, બા.બ્ર. જનકદીદી, બા.બ્ર. છાયાબેન શેઠ, હંસાબેન ભાવસાર, ઇલાબેન ડેલીવાળા, મિતેશભાઈ શાહ), ભોજનાલય કમિટિ (શ્રી શરદભાઈ તથા શ્રી પારુલબેન જશવાણી), સંસ્થાના ટ્રસ્ટી મહાનુભાવો, સંસ્થાના કાર્યકર્તાઓ તથા મુમુક્ષુ ભાઈ-બહેનોને સંસ્થા વતી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## કોબા તીર્થક્ષેત્રે નવનિર્મિત જિનાલયના ગર્ભગૃહ મધ્યે શ્રી મુનિસુવ્રતસ્વામી તથા અન્ય જિનપ્રતિમાઓની પ્રવેશવિધિ સાનંદ-સંપન્ન

તા. ૧૪-૦૨-૨૦૨૨ ના મહાસુદ તેરસ સોમવારના દિવસે પૂજ્ય રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. ના મંગલ આશીર્વાદપૂર્વક શ્રી કૈલાસનગર (શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની સામે), કોબા મુકામે મુનિસુવ્રતસ્વામી તથા અન્ય જિનપ્રતિમાઓની પ્રવેશવિધિ ધર્મોલ્લાસમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. આ શુભ પ્રસંગે પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય મુનિશ્રી જ્ઞાન-પદ્મસાગરજી મ.સા. નું પાવન સાન્નિધ્ય સંપ્રાપ્ત થયું હતું. પ્રવેશવિધિનો પ્રારંભ સવારે ૬.૧૫ કલાકે થયો હતો અને ૮.૫૬ કલાકે જિનપ્રતિમાઓનો ગર્ભગૃહ પ્રવેશ થયો. બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આચાર્યશ્રી તથા બા.બ્ર. ગોકુળભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કરી શુભાશિષ પાઠવ્યા હતા. આ ઉપરાંત આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી, બા.બ્ર. આદ. સુરેશભૈયા, સંસ્થાના પ્રમુખશ્રી નીતિનભાઈ પારેખ અને શ્રી દીનાબેન પારેખ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૫-૦૪-૨૦૨૨ ના શુભ દિને જિનપ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. ના વરદ હસ્તે અનેક સાધુ - સાધ્વીજીઓની પાવન ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

## રાજસ્થાનની યાત્રા સાનંદ સંપન્ન

આપણી સંસ્થાના આદ. સુરેશભૈયાની રાજસ્થાનની યાત્રા સાનંદ સંપન્ન થઈ. સૌ પ્રથમ તા. ૧૬-

૦૨-૨૦૨૨ ના રોજ રૈયના ગામમાં યોજાયેલ સત્સંગમાં આદ. ભૈયાજીએ 'મૃત્યુની સચ્ચાઈ' વિષય પર મનનીય સત્સંગ કરાવ્યો. ત્યારબાદ તા. ૧૭-૦૨-૨૦૨૨ ના રોજ સરલ બ્લડ બેંકના સંસ્થાપક તથા સી.એ. આદ. શ્રી શ્યામ એસ. સિંઘવી દ્વારા ઉદેપુરમાં સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ. સુરેશભૈયાએ 'ધ્યાન-સમજણ અને પ્રયોગ' વિષય પર ચિંતનાત્મક સ્વાધ્યાય આપ્યો હતો. ત્યારબાદ તા. ૧૮-૦૨-૨૦૨૨ ના રોજ અતિશયક્ષેત્ર જહાજપુર પહોંચ્યા. ત્યાંના મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી છે. ત્યાંના ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સંઘનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાંના વિશેષ કાર્યકર્તા શ્રી વેદપ્રકાશજીનો વિશેષ સહયોગ અને પ્રેમપરિશ્રમ સાંપડ્યો હતો. તા. ૧૯-૦૨-૨૦૨૨ ના રોજ સવારે ભગવાનના અભિષેક અને પૂજાનો લાભ લીધો. બપોરે અતિશયક્ષેત્ર શ્રી ચંવલેશ્વરશ્રીના દર્શનાદિ કર્યા. અહીં પાર્શ્વનાથ ભગવાનનું સમોસરણ યોજાયું હતું. સાંજે શ્રી પાર્શ્વનાથ દિગંબર અતિશયક્ષેત્ર, બિજોલિયા પહોંચ્યા. બિજોલિયા પાર્શ્વનાથ ભગવાનની કેવળજ્ઞાન ભૂમિ છે. કમઠનો ઉપસર્ગ આ સ્થળે થયો હતો. ત્યારબાદ તા. ૨૦-૦૨-૨૦૨૨ ના રોજ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પદ્માસનવાળી સૌથી ઊંચી પ્રતિમાજીના અભિષેક-પૂજનનો લાભ લીધો. તા. ૨૧-૦૨-૨૦૨૨ ના રોજ પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનીલસાગરજી મહારાજના દર્શન-સમાગમ-આહારદાનનો લાભ લીધો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **પૂજ્યશ્રી સ્મૃતિ ફંડ :** | (૧) | શ્રી હિતેન્દ્રભાઈ પ્રતાપરાય મહેતા, પૂના | રૂા. ૫૧,૦૦૦/- |
| **ભોજનાલય કાયમીતિથિ :** | (૧) | શ્રી રમણભાઈ ભોગીલાલ શાહ, ગાંધીનગર (જિનાભિષેક-પૂજા) | રૂા. ૧,૫૪,૭૦૦/- |
| | (૨) | શ્રી સુશીલાબેન પ્રફુલભાઈ કારાણી, મુંબઈ | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| **સંસ્થા-ભક્તિ સંગીત :** | (૧) | શ્રી કિરણભાઈ તુરખિયા, ચેન્નાઇ | રૂા. ૫૧,૦૦૦/- |
| | (૨) | શ્રી કિશોરભાઈ ડી. શેઠ, USA | રૂા. ૫૦,૦૦૦/- |
| **મેડિકલ સેન્ટર :** | (૧) | શ્રી સોનલબેન આર. સંઘવી, USA | રૂા. ૧,૫૦,૬૦૦/- |
| **જિનાભિષેક-પૂજા :** | (૧) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ (સ્વામિવાત્સલ્ય, સાધારણ) | રૂા. ૧,૫૪,૦૦૦/- |
| | (૨) | શ્રી નવીનભાઈ શાહ, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| **ગુરુકુળ :** | (૧) | શ્રી ઉષાબેન નવીનચંદ્ર મહેતા, મુંબઇ (એક વિદ્યાર્થીની ફી, સિદ્ધચક્ર પૂજા, આત્મસિદ્ધિ પૂજા) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૨) | શ્રી પ્રતિભાબેન દીપકભાઈ શેઠ, મુંબઇ (એક વિદ્યાર્થીની ફી) | રૂા. ૧૬,૦૦૦/- |
| **ગ્રંથ પ્રકાશન :** | (૧) | શ્રી ચંદ્રિકાબેન વી. પંચાલી, બોટાદ | રૂા. ૫૧,૦૦૦/- |
| **આત્મસિદ્ધિ વિધાન પૂજા :** | (૧) | શ્રી રમાબેન પી. દેસાઈ, અમરેલી | રૂા. ૫૧,૦૦૦/- |
| **જીવદયા અને સાધારણ :** | (૧) | શ્રી પ્રફુલભાઈ લાખાણી, USA | રૂા. ૨૫,૦૦૦/- |
| | (૨) | શ્રી નિરુપા પ્રમોદભાઈ તલસાણીયા, મુંબઈ | રૂા. ૨૧,૦૦૦/- |

**સંસ્થામાં યોજાયેલ 'સમકિત પર્વ મૌનસાધના શિબિર' વેળાની તસવીર (તા. ૧૨-૦૨-૨૦૨૨ થી તા. ૧૪-૦૨-૨૦૨૨)**



**અતિશયક્ષેત્ર જહાજપુર (રાજસ્થાન) માં સ્વાગત**



**આદ. શ્રી શ્યામ એસ. સિંઘવીના 'સરલ બ્લડ બેંક' ના ભવન પર જૈનધર્મના ધ્વજારોહણ વેળાએ.**






**Registered under RNI No. : GUJGUJ/2008/25883**

**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023 issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month**

## કૈલાસનગર (કોબા) મુકામે નવનિર્મિત જિનાલયના ગર્ભગૃહ મધ્યે શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનપ્રતિમાઓની પ્રવેશવિધિ (તા. ૧૪-૦૨-૨૦૨૨)







### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**સ્વ. ઉષાબેન કિશોરભાઈ શેઠ પરિવાર, USA**

હસ્તે : શ્રી માધ્વીબેન

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**સ્વ. રમેશભાઈ શાંતિલાલ શાહના આત્મસ્મરણાર્થે**

હસ્તે : શ્રી ભાનુબેન રમેશભાઈ શાહ પરિવાર, અમદાવાદ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,